**સુવિચાર**

સાચા યોગી જ્યારે પુસ્તક ભેટ અથવા વાંચવા આપે છે ત્યારે તે પુસ્તકની આજ્ઞાને અમલમાં મુકવાની તાકાત પણ આપે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૯/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ શ્રાવણ વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૨૨૦

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## અમરેલી જિલ્લાનાં ૪૭૫ જેટલા રેશનિંગ દુકાનધારકોની સરકારે માંગ ન સંતોષતા હડતાલ શરૂ

# હજારો ગરીબ પરિવારો મફતનાં અનાજથી વંચિત રહેશે

**સરકારી ગોદામમાંથી દુકાનધારકોએ અનાજ ન ઉપાડવાનો કર્યો નિર્ણય**

**જન્માષ્ટમીનાં તહેવારો ઉપર જ ગરીબ પરિવારોને ભૂખ્યા પેટે સુવાનો વારો આવશે**

**એક તરફ જન કલ્યાણની ગુલબાંગો અને બીજી તરફ જનકલ્યાણ યોજનાનું શ્રેષ્ઠ સંચાલન કરવામાં ઠાગાઠૈયા**

**ઘણા મહિનાઓથી દુકાનધારકો માંગ કરતાં હોય સરકાર કોઈ નિર્ણય કરી શકી નથી**

અમરેલી, તા. ૩૧

આગામી સાતમ-આઠમનાં તહેવાર નિમિત્તે સરકાર ધ્વારા આપવામાં આવતા અનાજ, ખાંડ, તેલ, દાળ સહિતનો જથ્થો જરૂરિયાતમંદ પરિવાર સુધી સરકાર પહોંચાડી શકે તેમ નથી. અમરેલી જિલ્લાનાં ૪૭૫ જેટલા રેશનીંગનાં વેપારીઓ આવતીકાલ તા. ૧ નાં રોજ વેપારીઓ કમીશન સહિતની પડતર માંગણીઓનાં પ્રશ્ને અગાઉ આપેલ ચીમકી મુજબ હડતાલ ઉપર ઉતરી જશે અને સરકારી ગોડાઉનમાંથી કોઈપણ જથ્થો ઉપાડવાનો વેપારી ધ્વારા ઈન્કાર કરી દેવામાં આવ્યો છે.

અમરેલી જિલ્લાનાં રેશનીંગનાં વેપારી અગ્રણી જીલુભાઈ વાળાએ જણાવ્યું હતું કે, વ્યાજબી ભાવની દુકાન ધરાવતા દુકાનદારોની લાંબા સમયથી પડતર માંગણીઓ સ્વીકારવામાં આવતી નથી. જેથી રાજયભરમાં ચલાતાં એસોસીએશન તરફથી જન્માષ્ટમીનાં તહેવારો ઉપર

**અનુસંધાન પાના ૬ ઉપર**

### રાજુલામાં વાયરલ થયેલ વિડીયો

## પીકઅપ લોડીંગ વાહનને ૧૩ વર્ષના બાળકને ચલાવવા આપનાર કાકા સામે ફરિયાદ

**૧૩ વર્ષનાં કિશોરને સાંભળવાની-બોલવાની તકલીફ છે**



અમરેલી, તા. ૩૧

રાજુલા પંથકમાં બે દિવસ પહેલા એક પીકઅપ વાન કોઈ તરૂણ ચલાવતો હોય અને તે અંગેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં રાજુલા પોલીસે આ વિડીયો અંગે ચકાસણી ધરી તપાસ હાથ ધરતાં આ વિડીયોમાં દેખાતો કિશોરને સાંભળવા તથા બોલવાની તકલીફ હોવા છતાં તેમના કાકા અબ્બાસઅલી સુલતાનઅલી બદામીએ પીકઅપ વાન ચલાવવા આપી ગુન્હો કરતાં આ અંગે તેમની સામે ફરિયાદ નોંધઈ છે.

### ડીઆઈજી અને એસપીની સુચનાથી એલસીબીની કામગીરી

## અમરેલી-ભાવનગર સહિતનાં અનેક જિલ્લામાં ચોરી કરનાર ટોળકીને ઝડપી લેવામાં આવી

**તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધવામાં આવ્યો**

અમરેલી, તા. ૩૧

ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમારે ભાવનગર રેન્જના જિલ્લાઓમાં ચોરી, ઘરફોડ ચોરી, લૂંટ, ધાડ જેવા ગંભીર ગુનાઓ આચરતી ટોળકીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ અમરેલી જિલ્લામાં ચોરી, ઘરફોડ જેવા મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ આચરતા ઈસમોને પકડી પાડી જનતાને જાનમાલને નુકસાન કરતા આવા ગુનાઓ આચરતી ટોળકીના સભ્યો વિરૂધ્ધ ગેંગ કેસની કાર્યવાહી કરવા અમરેલી એલસીબી ટીમને સુચના અને માર્ગદર્શન આપેલ હોય.

અમરેલી, ભાવનગર, જુનાગઢ, અમદાવાદ જિલ્લા સહિતના વિસ્તારોમાં ચોરી, ઘરફોડ ચોરીના ગુનાઓને અંજામ આપવા ટોળકી બનાવી, જીઆઈડીસી વિસ્તારમાં આવેલ કારખાનાઓ તથા શોરૂમની રેકી કરી, રાત્રી દરમિયાન કારખાના,

**અનુસંધાન પાના ૬ ઉપર**

## અમરેલીનાં બાયપાસમાં જુગાર રમતા ૬ પત્તાપ્રેમી ઝડપાયા



અમરેલી, તા. ૩૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે દારૂ તથા જુગારની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી સફળ રેઈડો કરવા સુચના આપેલ હોય. જે આધારે ઈન્ચાર્જ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન તથા પ્રોબેશનર આઈ.પી.એસ. ગૌરવ અગ્રવાલ તથા પોલીસ સ્ટાફ દ્વારા ચોક્કસ બાતમી આધારે અમરેલી બાયપાસ પડસાલા ગેસ ગોડાઉનથી ખંભાળીયા ગામ તરફ જવાના કાચા રસ્તે ભાયલાલભાઈ ધીરૂભાઈ ધાનાણીના વાડી ખેતર પાસે જાહેર રસ્તામાં જાહેરમાં જુગાર રમતા દિનેશભાઈ શાંતીભાઈ કાલેણા, જયેશભાઈ જયંતીભાઈ રાણપરીયા, જિતેન્દ્રભાઈ જયંતીભાઈ રાણપરીયા, જિજ્ઞેશભાઈ કાંતીભાઈ ચાવડા, સતીષભાઈ ભીખાભાઈ ગજેરા તથા ભાયલાલભાઈ ધીરૂભાઈ ધાનાણી સહિત છ ઈસમોને રોકડા રૂા. ૧૩,૩૬૦ ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

### બાબરા નજીક આવેલ

## ગળકોટડી ગામ પાસે બાઈક ડીવાઈડર સાથે અથડાતા ચાલકનું ઈજાથી મોત

**મૃતકનાં ભાઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૩૧

બાબરા તાલુકાનાં ગળકોટડી ગામે રહેતા મહેન્દ્રભાઈ માનસીંગભાઈ મેડા પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. એમપી-૦૯ વીયુ ૮૧૭૨ લઈ અને બાબરાથી ગળકોટડી ગામે આવતા હતા. ત્યારે તેમના હવાલાવાળુ બાઈક રોડનાં ડીવાઈડર સાથે અથડાય પડતા તેમને ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયું હતું. જયારે બાકમાં પાછળ બેઠેલા દિલીપભાઈ રાઠોડને ઈજાઓ થતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે.

**જાહેર આમંત્રણ**

ઉદ્ઘાટક
માન. શ્રી દિલીપભાઈ સંઘાણી — ચેરમેનશ્રી, ઇફકો, એન.સી.યુ.આઈ.
માન. શ્રી કૌશિકભાઈ વેકરીયા — નાયબ મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા

દીપ પ્રાગટ્ય
માન. શ્રી નારણભાઈ કાછડીયા (સાંસદશ્રી, અમરેલી)

લાયન્સ ધ્વજારોહણ
PMJF લાયન રમેશચંદ્ર રૂપાલા

મુખ્ય મહેમાન
શ્રી અજય દહિયા (આઈ.એ.એસ.)કલેકટર શ્રી, અમરેલી.
માન. શ્રીમતિ રેખાબેન મોવલીયા
માન. શ્રીમતિ મનિષાબેન રામાણી
PMJF લાયન વસંતભાઈ મોવલીયા
માન. શ્રી અશ્વિનભાઈ સાવલિયા
માન. શ્રી મુકેશભાઈ સંઘાણી
MJF લાયન અભયભાઈ શાહ
લાયન મયંકભાઈ ગોસાઈ
માન. શ્રી પરેશભાઈ ધાનાણી
માન. શ્રી રાજેશભાઈ કાબરીયા
માન. શ્રી ડી.કે. રૈયાણી
માન. શ્રી પી.પી. સોજીત્રા
શ્રીમતિ કંચનબેન જીતુભાઈ ડેર
માન. શ્રી સંજયભાઈ વણઝારા

અતિથિ વિશેષ
લાયન નિલેશભાઈ કુમ્મર
લાયન કાંતિભાઈ વઘાસિયા
માન. શ્રી સુરેશભાઈ શેખવા
માન. શ્રી દિનેશભાઈ ભુવા
લાયન પરેશભાઈ કાનપરીયા
લાયન જયેશભાઈ પંડયા
લાયન કૌશિકભાઈ હપાણી
લાયન દિવ્યેશભાઈ વેકરીયા
માન. શ્રી શરદભાઈ ધાનાણી (પ્રમુખશ્રી, પરિવર્તન ટ્રસ્ટ - અમરેલી)

લાયન્સ ક્લબ ઑફ અમરેલી (સીટી) દ્વારા આયોજીત ભવ્ય સાંસ્કૃતિક
સ્પોન્સર મજેદાર મસાલા
જન્માષ્ટમી લાયન્સ લોકમેળો ૨૦૨૩

મંગલ પ્રારંભ શ્રાવણ વદ - ૩ (ત્રીજ) ને શનિવારના રોજ થશે. અમારા આ ભાગીરથી અને ઉત્સાહપૂર્ણ કાર્યરૂપી આ લોકમેળાના ઉદ્ઘાટન સમારોહમાં પધારવા અને અમોને પ્રોત્સાહિત કરવા ભાવભર્યું નિમંત્રણ છે.

તારીખ : ૦૨-૦૯-૨૦૨૩, શનિવાર
સમય : સાંજના ૫-૩૦ કલાકે.
સ્થળ : નૂતન હાઈસ્કૂલ ગ્રાઉન્ડ, ચિતલરોડ, અમરેલી.

નિમંત્રક
લાયન કિશોરભાઈ શિરોયા — પ્રમુખ
લાયન ઋજુલભાઈ ગોંડલીયા — સેક્રેટરી
લાયન બિમલભાઈ રામદેવપુત્રા — ટ્રેઝરર
લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તથા લાયન્સ પરિવાર - અમરેલી

મેળામાં થતી આવક વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં વાપરવામાં આવે છે...

**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ**
NCT (ગોળ હોસ્પિટલ) કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.

રેગ્યુલર ઉપલબ્ધ ડોક્ટરોની ટીમ

ડો. રાજેશ પરવાડીયા, ડો. જાગૃતિ ચાંડપા
ડો. અંકિત ગાબાણી
ડો. નીત ચોટાઈ — કિડની- પ્રોસ્ટેટ-મૂત્રાશય-ટેસ્ટીસના રોગો,પથરી અને પેશાબમાં થતા ઈન્ફેક્શનના નિષ્ણાંત.
ડો.પૂજા ચોટાઈ — આંખના રોગોના નિષ્ણાંત. મોતીયા, વેલ, છારીના ઓપરેશનના નિષ્ણાંત
ડો.વિશાલ સોલંકી — કાન - નાક - ગળાના રોગોના નિષ્ણાંત.
ડો. કલ્પેશ વઘાસિયા — નવજાત શિશુ અને બાળ રોગ નિષ્ણાંત.
ડો. ચેતના મુરારકર, ડો. અવની ઘેલાણી — ગર્ભવતી માતા ની સંપૂર્ણ નિદાન અને સારવારના નિષ્ણાંત. નિ:સંતાનપણાની સારવાર, ગર્ભાશય (કોથળી)ના રોગોની સારવાર ઉપરાંત સ્ત્રી રોગોના નિષ્ણાંત.
ડો. પ્રદીપ ધડુક, ડો.કાજલ ભગડા

24/7 EMERGENCY SERVICE

આ ઉપરાંત દાંત નો વિભાગ, ફિઝિયોથેરાપી વિભાગ, આયુર્વેદ વિભાગ તથા ડાયાલિસીસ વિભાગ કાર્યરત છે.

બાલસખા યોજના, માં અમૃતમ', 'માં વાત્સલ્ય' યોજના, ચિરંજીવી યોજના, રાષ્ટ્રીય અંધત્વ યોજના અંતર્ગત દરેક પ્રકારના ઓપરેશન તદન મફતમાં કરવામાં આવે છે.

### અનામત વર્ગોને જાગૃત થવાની હાંકલ કરાઈ


# એસ.સી., એસ.ટી., ઓબીસીને ડબલ એન્જીનની સરકાર ભયંકર રીતે નુકસાન કરતી હોવાનો આક્ષેપ

## જિલ્લા બહુજન આર્મીનાં પ્રમુખ શાંતિલાલ રાણવા રોષે ભરાયા

અમરેલી, તા. ૩૧

જિલ્લા બહુજન આર્મીના પ્રમુખ અને કોંગી દલિત અગ્રણી શાંતિલાલ રાણવાની યાદી જણાવે છે કે, હાલમાં જ ગુજરાત સરકારે સ્થાનિક ચૂંટણીઓમાં ઓબીસીને ૨૭% અનામત આપીને સરાસર અન્યાય કર્યો છે. આ દેશની મુળ પ્રજા ૮૫% છે જે મુળ નિવાસી છે તેને ૧૦૦%માંથી ૪૯.૫% અનામત અને ફકત ૧૫% લોકોને ૫૦.૫ % અનામત અપાઈ રહી છે. તેમાં પણ ૧૦% ઈડબલ્યુએસ કરીને ૪૯.૫% માંથી વ્યવસ્થિત ષડયંત્રનાં ભાગરૂપે કાપવામાં આવી રહી છે. આ ખેલ ચૂંટણીલક્ષી છે આમ પછાતોને વધુ પછાત રાખવાનું મનુવાદીઓનું ષડયંત્ર છે. આ વાત હવે જલ્દી એસ.સી., એસ.ટી., ઓબીસીને સમજી લેવાની જરૂર છે.

ઝવેરી કમીશને સ્પષ્ટ કહ્યું છે કે, ઓબીસીની વસ્તી ૫૪%થી વધારે છે તો પછી ૨૭% અનામત શા માટે ? ૫૦%થી વધારે ન હોવી જોઈએ એ સુપ્રીમના હુકમનો સીફતપૂર્વક સરકાર ગેર ઉપયોગ કરી રહી છે. જાતિ આધારિત વસ્તી ગણત્રી કરીને આ ટકાવારી નકકી થવી જોઈએ તો જ આ પછાત જાતિઓને લાભ થાય. આ અંગે સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ આદેશ હતો કે ઓબીસી વસ્તીના ધોરણે જ નકકી કરો છતાં સુપ્રીમની અને ઝવેર કમીશનની



ભલામણોને સરકારે સ્વીકારી નથી અને અનાદર કરેલ છે. ૮૫% પ્રજાને અભણ, બેરોજગાર, અંધશ્રધ્ધામાં તરબોળ રાખીને, પોતાના હકક–હિતોને આંચકીને દેશનું સંવિધાન બદલવાની પેરવી કરીને મનુસ્મૃતિ દાખલ કરવા માંગતી આ સરકારોને ઓળખી લેવાની જરૂર છે. એસ.સી., એસ.ટી., ઓબીસી તથા લુધમતીઓને આ ખેલ સમજીને જાગૃત થવા અને આ ષડયંત્રો સામે સંવિધાનની મર્યાદામાં લડત ચલાવવા આગળ આવવા રાણવાએ હાકલ કરી છે. ૨૭% અનામતથી ઓબીસી હરખાઈ ન જાય અને આ ખેલ પાછળનો ઈરાદો સમજી લે તે અતિ જરૂરી છે તેમ અંતમાં જણાવે છે.

## ગાધકડા ગામે ફુલીયા દાદા આશ્રમ ખાતે બ્રહ્મસમાજ દ્વારા નુતન જનોઈ ધારણ કરાઈ



સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા તાલુકાનાં ગાધકડા ગામે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પૂર્ણિમાનાં દિવસે પૂજા વિધિ કરી વૈદિક મંત્રોચ્ચાર દ્વારા નૂતન જનોઈ ધારણ કરી. સમસ્ત બ્રહ્મસમાજ ઉપસ્થિત રહ્યાં હતા. એમ અનિરુધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

## વડેરાની જનતા વિદ્યાલય ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી






અમરેલી, તા. ૩૧

જનતા વિદ્યાલય વડેરા ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવેલ. સૌ પ્રથમ રક્ષાબંધન નિમિત્તે સામુહિક રાખી ગીત... ગાવામાં આવ્યું.

આચાર્ય મુકુંદભાઈ મહેતાએ પ્રાસંગિક પ્રવચન આપેલ. ત્યારબાદ વિદ્યાર્થીની બહેનોએ દરેક વિદ્યાર્થી ભાઈઓને રાખડી બાંધી શુભેચ્છા પાઠવી, મોં મીઠા કરાવ્યા. ત્યારબાદ રાખડી સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોની પોતે બનાવેલી રાખડીઓ સાથે ફોટોસેશન કરાયું.

સમગ્ર રક્ષાબંધન પર્વ/રાખડી સ્પર્ધાનું આયોજન તેમજ સંચાલન શાળાનાં શિક્ષક પંકજભાઈ દેવમુરારીએ કરેલ.

રાખડ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા શાળાનાં શિક્ષકો દેવમુરારી તથા જાણીતા ચિત્ર શિક્ષક જે.પી. પડાયાએ નિભાવેલ.

રાખડી સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે અનુક્રમે કુ.બોદર જેન્સી, દેથળિયા મિનલ, માંગરોળીયા કૃપા, ડાભી ઉર્વિશા, સાવજ સૃષ્ટિ, પરમાર વર્ષિતા, માધડ નેહા, માધડ દર્શન આવેલ.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનનાં વરિષ્ઠ પ્રોફેસર અને પુર્વ કાર્યકારી કુલપતિ પ્રો. જયદિપસિંહ ડોડીયાનો આજે જન્મદિવસ



અમરેલી,તા. ૩૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પુર્વ કાર્યકારી કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર અને અધ્યાપક જગતમાં લોકપ્રિય અગ્રણી એવા પ્રો.જયદિપસિંહ ડોડીયા તેમની જીવન યાત્રાના ૫૯ વર્ષ પુરા કરી આજ રોજ તા. ૧/૯/૨૦૨૩ ના દિવસે ૬૦માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. ૧૯૯૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા એ પહેલા રાજકોટની શ્રીમતી એમ. ટી. ધમસાણીયા કોમર્સ કોલેજ અને માંગરોળ ની શારદાગ્રામ કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે ફરજ બજાવેલ તથા માંગરોળ જેવા દરિયાઈ કાંઠાના વિસ્તારોમાં અંગ્રેજી ભાષાના પ્રચાર તથા પ્રસાર માટે ખુબજ મહત્વનું યોગદાન આપ્યું હતું. તે માટે તેઓએ વિલિયમ શેકસપિયર સોસાયટીની સ્થાપના પણ કરેલી, તથા ગ્રામ્ય વિસ્તારમાંથી કોલેજમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયમાં ઉત્તમ કારકિર્દી ઘડવા પોતે પ્રેરણાસ્ત્રોત રહેલા હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની કારકિર્દી શરૂ કરનાર પ્રો.ડોડીયા સેનેટ સભ્ય, સીન્ડીકેટ સભ્ય તેમજ વિનયન વિદ્યા શાખાના ડીન તરીકે ફરજ બજાવી ચુકયા છે. વર્ષ ૨૦૧૩માં તત્કાલીન કુલપતિ ડો. મહેન્દ્રભાઈ પાડલીયા લંડનના પ્રવાસે ગયા ત્યારે ગુજરાતના તત્કાલીન રાજયપાલ ડો.કમલા બેનીવાલે કાર્યકારી કુલપતિ તરીકે પ્રો. ડોડીયાની નિમણૂંક કરી હતી. પ્રો.જયદિપસિંહ ડોડીયાનો વર્ષ ૨૦૧૩ માં કાર્યકારી કુલપતિ તરીકેનો ખુબજ અલ્પ સમય ગાળો ગુજરાત રાજયનું શિક્ષણ જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવો યશી રહ્યો હતો.

વર્ષ ૨૦૧૨માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સૌથી મોટી ફેકલ્ટી એવી આટર્સ ફેકલ્ટીના ડીન અને અધર ધેન ડીન એમ બંને પદે ચૂંટાઈને પ્રો.જયદિપસિંહ ડોડીયાએ વિક્રમ સર્જયો હતો. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી – પાટણની કુલપતિ સર્ચ કમિટીમાં યુ.જી.સી.ચેરમેનના નોમિની તરીકે એક વખત તેમજ રાજયપાલના નોમિની તરીકે આ સમિતિના અધ્યક્ષ તરીકે બે વખત સફળ તા પૂર્વક ફરજ બજાવી ચુકયા છે. તેમજ પ્રો.ડોડીયાએ રાજસ્થાનની વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી, કોટાના એકેડેમિક કાઉન્સીલના સભ્ય તરીકે એક ટર્મ ફરજ બજાવેલ છે. તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના પ્રમુખ પદે પોતાના નિષ્ઠાવાન સ્વભાવ અને બીજા માટે કઈક કરી છૂટવાની ભાવનાને કારણે સતત ત્રણ વર્ષ બિનહરીફ ચૂંટાયા છે. ઉપરાંત,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો – હાઉસિંગ સોસાયટીના પણ પ્રમુખની જવાબદારી નિભાવી રહ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસરથી કારકિર્દી શરૂ કરીને અંગ્રેજી ભાષા સાહિત્યના બઢ તીથી અને સીધી ભરતીથી એમ બંને રીતે પ્રોફેસર તરીકે નિમણૂંક મેળવનાર પ્રો.જયદિપસિંહ ડોડીયા સૌરાષ્ટ્ર કચ્છના અંગ્રેજી વિષયના પ્રથમ અધ્યાપક છે. જેઓના માર્ગદર્શન નીચે અત્યાર સુધીમાં ૪૨ જેટલા અધ્યાપકોએ પીએચ.ડી. ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. એટલુજ નહિ, પણ આ પૈકી ૨૦ જેટલા અધ્યાપકો ગુજરાતની અલગ અલગ યુનિવર્સિટીમાં ગાઈડ તરીકે સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે. એક અધ્યાપક તરીકે ડો.ડોડીયા માત્ર અધ્યાપકોની જ નહિ, પરંતુ વિદ્યાર્થીઓની સમસ્યાઓ અંગે પણ સતત જાગૃત રહી અને જરૂર પડે વિદ્યાર્થીઓના વાલીની ભૂમિકા પણ અદા કરી સત્તાધીશો સમક્ષ નીડરતાપૂર્વક અને સચોટ આધાર પુરાવા સાથે પરિણામ લક્ષી રજૂઆતો કરતા રહ્યા છે. અને તેઓ અધ્યાપક તથા વિદ્યાર્થી એમ બંને માટે નિસ્વાર્થ સેવા અર્થે રાઉન્ડ ધ કલોક તત્પર હોય છે જે તેઓના વ્યક્તિત્વનું એક વિશિષ્ઠ પાસું રહ્યું છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશનના બે ટર્મ સુધી મહામંત્રી અને બે ટર્મ સુધી પ્રમુખ તરીકેના કાર્યકાળ માં સત્તાધીશો સાથે સીધો સંઘર્ષ કરીને પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકોના પ્રશ્નોના નિવારણ માટે મહત્વની ભૂમિકા ભજવી હતી.ગુજરાતમાં યુ.જી.સી.ના છઠ્ઠા અને સાતમા પગાર ધોરણના અમલીકરણ માટે પણ પ્રો. જયદીપસિંહ ડોડીયાએ એકજાગૃત અધ્યાપક અગ્રણી તરીકે સક્રિય ભૂમિકા ભજવી હતી.

પ્રો. ડોડીયાના સુપુત્ર કુલદીપસિંહ ડોડીયા રાજકોટ શહેરના ખ્યાતનામ આર્કિટેકટ છે. પ્રો. ડોડીયાના પુત્રવધૂ રીમાબેન ઉદયસિંહ ઝાલા નાયબ પોલીસ અધિક્ષક (ડીવાય.એસ.પી.) તરીકે પ્રથમ પ્રયાસે નિયુક્ત થતા હાલ સાબરકાંઠા જિલ્લામાં પ્રોબેશનરી નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. જયારે તેમના સુપુત્રી ડો.ભાર્ગવી અને જમાઈ ડો.પ્રવનન અમદાવાદની ખ્યાતનામ કોર્પોરેટ હોસ્પીટલમાં ડોકટર છે.

જૂનાગઢ સ્વામિનારાયણ ગુરૂકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રો.જયદિપસિંહ ડોડીયાને તેમના જન્મદિવસે રાજકોટ ગુરૂકુલથી પરમ પૂજય ગુરૂવર્ય સદગુરૂ સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા મહંત સ્વામી દેવપ્રસાદદાસજી સ્વામી તથા જૂનાગઢ ગુરૂકુલથી પરમ પૂજય સદગુરૂ સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી અને સર્વે સંતોએ આશીર્વાદ પાઠવ્યા છે. આજરોજ પ્રો. જયદિપસિંહ ડોડીયાના જન્મદિવસે તેમને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ગિરિશભાઈ ભીમાણી, ગોવિંદગુરૂ યુનિવર્સિટી – ગોધરાના કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણ, ઉદયસિંહ રામભાઈ ઝાલા ( ખાપટ ગીર), દીપસિંહ રામભાઈ ઝાલા (ખાપટ ગીર), સગાભાઈ રાણાભાઈ બારડ (બુધેચા), રમેશભાઈ કે.સાકરીયા તથા જાણીતા યુવા એડવોકેટ હાર્દિક જી. ડોડીયા સહિતના અનેક શુભેચ્છકો, શિક્ષણવિદો અને સામાજિક સંસ્થાના અગ્રણીઓએ પ્રો.જયદીપસિંહ ડોડિયાને (મો.૯૬૮૭૬૯૨૯૫૦) અઢળક શુભેચ્છાઓ પાઠવી છે.

### સમસ્ત સગર સમાજ દ્વારા

# કુંકાવાવમાં ભગીરથ જયંતિની આસ્થાભેર ઉજવણી કરાઈ

## રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યાં

કુંકાવાવ, તા. ૩૧

કુંકાવાવમાં સમસ્ત સગર સમાજનાં આરાધ્યદેવ ભગીરથ દાદાની જયંતિની ભારે ધામધુમ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા નગરમાં ફરી હતી. ત્યારે સંતોનાં સામૈયા તથા કથા, મહાપ્રસાદ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં અમરેલીથી સાંસદ નારણભાઈ કાછડીયા તથા યુવા નેતા મનીષભાઈ સંઘાણી તથા તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા આ ભવ્ય શોભાયાત્રામાં જોડાયા હતા. આમ સમસ્ત સગર સમાજ દ્વારા ભગીરથ જયંતીની ભારે ધામધુમ અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. તેમાં ગામનાં આગેવાનો તેમજ મહિલાએ મોટી સંખ્યામાં જોડાયા હતા. જયારે સગર સમાજનાં તમામ પરિવારોએ આ કાર્યક્રમમાં જોડાયા હતા. જયારે યુવા ટીમ દ્વારા સદર



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ



આયોજન કરીને આ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### પીએસઆઈ ડાંગરના અધ્યક્ષ સ્થાને

# વડિયા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

### તહેવારોમાં કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટે અપાઈ સુચના



વડિયા, તા. ૩૧

વડિયામાં હિન્દુ–મુસ્લિમ બંને ધર્મના લોકો વસવાટ કરે છે. આવનારા ટૂંકા સમયમાં હિન્દુ ધર્મના જગતગુરૂ ગણાતા શ્રી કૃષ્ણના જન્મદિવસ એવા જન્માષ્ટમી પર્વની ઉજવણી સમગ્ર દેશમાં કરવામાં આવે છે. ત્યારે વડિયામાં પણ ભવ્ય શોભાયાત્રા નીકળતી અને જન્માષ્ટમી ઉત્સવ પણ ધામધૂમપૂર્વક ઉજવાતો હોય. ત્યારે શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે હિન્દુ–મુસ્લિમ સમાજના આગેવાનોની મિટિંગ વડિયા પીએસઆઈ ડાંગર દ્વારા બોલાવીને તમામ આગેવાનો સાથે ચર્ચા કરી શોભાયાત્રા ના રૂટ નક્કી કરી કાયદાની મર્યાદામાં રહીને તહેવારોની ઉજવણી કરવા અને કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે પીએસઆઈ દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી. આ મિટિંગમાં જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેશ ઠુંમર, દિનેશ રામાણી, બહાદુર ભેડા, તુષાર વેગડ, ચેતન દાફડા, નિલેશ પરમાર, મુન્ના બાદશાહ, અનીશ બાલાપરીયા, અફઝલ સોલંકી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સોમનાથનાં સાંનિધ્યમાં પ્રભાસખંડ મહાત્મય કથાનો આજથી પ્રારંભ



સોમનાથ, તા. ૩૧

પ્રથમ જયોર્તિલિંગ દેવાધિદેવ સોમનાથ જયાં બિરાજમાન છે જયાં ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના ચરણોથી ભૂમિને પાવન કરી છે. ભગવાન પરશુરામએ જયાં પોતાના તપથી ભૂમિમાં તપોબળનું સિંચન કર્યું છે. ભૂતકાળમાં જયાં ૧૨ સૂર્યમંદિર પોતાના તેજથી ભૂમિને પ્રકાશમય કરતા હતા. તેવી જપ, તપ અને પુણ્યની અદ્વિતીય ભૂમિ પ્રભાસતીર્થનું વર્ણન જે સ્કંદપુરાણમાં પ્રભાસ ખંડમાં જોવા મળે છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા એ પવિત્ર પ્રભાસ ખંડ મહાત્મય કથાનો લાભ સોમનાથ આવનારા ભકતો તેમજ સ્થાનિક જનતાને સુપ્રસિદ્ધ કથાકાર ડો.મહાદેવ પ્રસાદ મહેતાનાં શ્રી મુખે મળ વા જઈ રહ્યો છે.

શ્રી સોમનાથ મંદિરની સાપેક્ષમાં પથિક આશ્રમ મેદાન ખાતે તારીખ ૧/૯/૨૦૨૩ થી તા. ૫/૯/૨૦૨૩ સુધી સાંજે ૪:૦૦ થી ૭:૦૦ વાગ્યા સુધી પૂજય, ડો.મહાદેવ પ્રસાદ મહેતાનાં શ્રી મુખે ભકતોને પુણ્યભૂમિ પ્રભાસનું મહાત્મ્ય સ્કંદપુરાણ પ્રભાસખંડ મહાત્મય કથામાં જાણવા મળશે. ત્યારે આ ભકિત ગંગામાં જોડાઈને પ્રભાસખંડ કથા શ્રવણ કરવા પધારવા શ્રી સોમનાથ ટ્રસ્ટ ભાવિકોને નિમંત્રણ પાઠવે છે.

# અમરેલીના ફતેપુર ગામે રૂા.૧.૨૦ કરોડનાં ખર્ચે માત્ર આઠ મહિના જેટલા ટુંકા સમયગાળામાં તૈયાર થયેલ મોડેલ સ્કુલ









રાજયનાં સર્વસમાવેશી વિકાસનાં હેતુથી રાજય સરકારે બજેટનાં દ્વિતીય સ્થંભ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનાં વિકાસ હેતુથી સરકારી શાળાઓની માળખાગત સુવિદ્યાઓમાં વધારો કરવામાં આવી રહયો છે. આ કડીનાં ભાગરૂપે અમરેલી શહેરની ભાગોળે આવેલા ફતેપુર ગામમાં ગામે રૂા.૧.૨૦ કરોડનાં ખર્ચે, માત્ર આઠ મહિના જેટલા ટુંકા સમય ગાળ ામાં મોડેલ સ્કુલનું નિર્માણ થયું છે. ફતેપુર ખાતે નિર્માણ પામેલી નવી શાળાનું નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે લોકાર્પણ થયું હતું. મહત્વનું છે કે, વિદ્યાનસભાનાં નાયબ મુખ્ય દંડક અને અમરેલી – વડીયા – કુંકાવાવ વિસ્તારના ધારાસભ્ય અને કૌશિકભાઈ વેકરિયાના હસ્તે આઠ મહિના પહેલા આ શાળાનાં નિર્માણકાર્ય માટેનું ખાતમુર્હૂત થયું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું કે, કેન્દ્ર અને રાજય સરકારના વિકાસલક્ષી અભિગમ થકી રાજયભરમાં શિક્ષણલક્ષી સુવિદ્યાઓમાં ઉમેરો કરવામાં આવી રહયો છે. અમરેલી જિલ્લામાં ગામડે ગામડે અતયાધુનિક મોડલ સ્કુલનું નિર્માણ કાર્ય થઈ રહયું છે. અમરેલી જિલ્લાની વિદ્યાર્થી આગળ વધે અને તેનો સર્વાંગી વિકાસ થાય તે માટે ટુંક સમયમા લાલાવદર ખાતે રૂ.૨૩ કરોડનાં ખર્ચે અત્યાધુનિક સ્પોટર્સ સંકુલનું નિર્માણકાર્ય શરૂ થશે. આ સુવિદાઓનો ઉપયોગ કરી અમરેલીનાં વિદ્યાર્થીઓ આગળ વધે અને દેશમાં નામ રોશન કરે તેવી શુભકામનાઓ પણ નાયબ મુખ્યદંડકએ આ પ્રસંગે વ્યકત કરી હતી.આ પ્રસંગે ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીના ધડતરમાં શિક્ષકોનો મહત્વનો ફાળો છે. પુર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે.અબ્દુલ કલામ કહેતા કે વાલીઓ અને શિક્ષકો વિદ્યાર્થીનું સાચું ઘડતર કરી સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકે છે. આ પ્રસંગે સાંસદ નારણભાઈ કાછડિયાએ, સર્વ શિક્ષા અભિયાન હેઠળ થઈ રહેલા શિક્ષણલક્ષી વિકાસકાર્યોની માહિતી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વમાં પ્રાથમિક શિક્ષણને મજબુત બનાવવા માટે કામ થઈ રહયું છે. વિદ્યાર્થીનાં ધડતરનો પાયો પ્રાથમિક શિક્ષણ છે. ત્યારે આ યોજના હેઠળ રાજયમાં રૂા.૨,૪૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ પ્રસંગે તેમણે ભૂતકાળની અને વર્તમાનની શિક્ષણ વ્યવસ્થાઓનું અંતર અને રાજયનાં શિક્ષણક્ષેત્રે થયેલી પ્રગતિનો ચિતાર દ્દષ્ટાંતો સાથે આપ્યો હતો. આ ઉપરાંત ભોજલરામબાપાની જગ્યાનાં મહંત ભકિતરામબાપુનું સન્માન ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીનાં હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન મુકેશભાઈ બગડા, શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલભાઈ દુધાત, જિલ્લા અને તાલુકા વહીવટીતંત્રનાં અધિકારીઓ જિલ્લા અને તાલુકા પંચાયત સદસ્યો, આસપાસનાં વિવિધ ગામનાં સરપંચઓ, શાળ ાનાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# અમરેલીમાં ઈનર વ્હીલ કલબની મહિલાઓએ સરકારી ચિલ્ડ્રન હોમમાં રક્ષાબંધન ઉજવી






અમરેલી ખાતે ઈનર વ્હીલ કલબ હંમેશા એમના ધ્યેય અનુસાર સમાજ ઉપયોગી કાર્ય કરતી રહેલી છે. જયાં જરૂરત હોય ત્યાં પહોંચતી રહી છે. આ વર્ષે રક્ષાબંધન નિમિત્તે પ્રતાપપરામાં આવેલ સરકારી ચિલ્ડ્રન હોમમાં કલબની મહિલાઓએ બાળકોને રાખડી બાંધી. એવું નથી કે આપણે બહુ સેવાભાવી થઈએ કે બહુ મોટા દાનવીર થઈએ તોજ આપણે સેવાકીય કાર્યો કરી શકીએ આપણે જયાં છીએ, જેવડા છીએ, ત્યાંથી અને તેટલા પ્રમાણમાં નાનું મોટું ઘણું સત્કાર્ય કરી શકીએ. કોઈ લાંબુ નહી તો આપણે સૌ બર્થ-ડે અને એનિર્વસરી તો ઉજવીએ જ છીએ. આપણી આજુબાજુ ઘણા એવા વ્યકિતઓ હોય છે. જે કોઈ જ તહેવાર પણ ઉજવી શકતા ન હોય. તેમની પાસે જઈ આપણે બર્થ-ડે કે એનિર્વસરી ઉજવીએ કે પછી પશુ-પક્ષીઓ માટે આપણે કાંઈ પણ કરી શકીએ. ફૂલ નહી તો ફૂલની પાંખડી કંઈ પણ કરીએ. એવી આદત જ ઘરમાં બધા પાડીએ કે બર્થ-ડે કે એનિવર્સરી નિમિત્તે બીજા માટે કાંઈક કરીએ એ બીજાને તો આનંદ થશે જ. પણ સૌથી વધુ આનંદ તો આપણને ખુદને જ થશે અને એ આનંદ કંઈક અનેરો જ હોય છે. આવા વિચારને વરેલી આ કલબનાં દરેક મેમ્બર આ રીતે બર્થ-ડે કે એનિર્વસરી ઉજવે છે. રાખડી બાંધ્યા પછી કલબ મેમ્બર તરફથી બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું. સમાજમાં જેમ આપણા હક્કો હોય છે. એમ જ આપણી કાંઈક ફરજો પણ હોય છે. એ વાત દરેક વ્યકિતએ સમજવી જરૂરી છે અને આમેય આપણી ભારતીય સંસ્કૃતિમાં દાનનું અનેરૂ મહત્વ છે.

### ભાજપનાં અગ્રણી રિતેશ સોનીની

## અમરેલી જિલ્લાની પીસી-પીએનડીટી એડવાઈઝરી સમિતિનાં અધ્યક્ષ તરીકે વરણી

### મિત્રો, શુભેચ્છકો દ્વારા અભિનંદનવર્ષા કરાઈ

અમરેલી, તા. ૩૧

પીસી- પીએનડીટી એકટ -૧૯૯૪ ની જોગવાઈ અનુસાર જિલ્લા કક્ષાની એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવે છે. જેમાં આ કમિટીની રચના થયેથી આ કમિટીના અધ્યક્ષ તરીકે ડો. જી.જે.ગજેરા સેવા આપતા હતા. પરંતું તેમની નાદુરસ્ત તબિયતનાં લીધે ગત બેઠકમાં કાર્યકારી અધ્યક્ષ તરીકે જિલ્લા એડવાઈઝરી કમિટીના સદસ્યો દ્વારા રીતેશ સોનીની નિમણુંક કરવામાં આવી છે.



રીતેશ સોની અમરેલી જિલ્લાની વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે, તેમજ વર્ષોથી તેઓ સામાજિક રીતે સક્રિય રહી વિવિધ જવાબદારીઓ નિભાવી કામ કરી રહ્યા છે. અમરેલી જિલ્લા સહિત સૌરાષ્ટ્ર પ્રાંત કક્ષાની વિવિધ સંસ્થાઓમાં તેઓ જવાબદારી નિભાવી રહ્યા છે.

નાની વયે વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે જોડાઈ સેવા આપતા શ્રી રીતેશ સોનીની અમરેલી જિલ્લા પીસી-પીએનડીટી એડવાઈઝરી કમિટીનાં કાર્યકારી અધ્યક્ષ તરીકે નિમણુક થતા તેમની યશ કલગીમાં વધુ એક મોરપિચ્છ ઉમેરાયું છે.

### જિલ્લા બહુજન આર્મીનાં પ્રમુખનો આક્ષેપ

## અમરેલી બ્રોડગેજ મિશન અભિયાન અંતર્ગત ભાજપનાં કોઈ જ નેતાઓ જવાબદાર

### ભાજપનાં આગેવાનો જાહેરમાં ખુલાશો કરે તે જરૂરી

અમરેલી, તા. ૩૧

જિલ્લા બહુજન આર્મીનાં પ્રમુખ શાંતિલાલ રાણવાની યાદી જણાવે છે કે, જિલ્લાનાં લોકો બ્રોડગેજ માંગે છે, અભિયાન ચલાવીને વિવિધ રીતે સરકારનું ધ્યાન દોરી રહ્યા છે. એકથી વધુ વોટસએપ ગૃપ બનાવીને સોશ્યલ મીડિયામાં પણ રજૂઆ થઈ રહી છે. જેમાં આ ગૃપોમાં ભાજપ ભકતોની સંખ્યા સાથે સાંસદ અને ધારાસભ્યો પણ છે આ બધા કેટલા નિષ્પક્ષ છે... હશે... રહેશે એ તો સમય બતાવશે. એકંદરે ઊંડાણથી વિચાર કરતાં આ અભિયાન પાછળ કોઈ ભાજપનાં જ અસંતુષ્ટ નેતાઓ હોય તેવું લાગી રહ્યું છે. આવી સ્થિતિમાં સાંસદ નારણભાઈ કાછડીયાને જાહેર ખુલાશો કરીને પોતાનો ન્યાયી અને સાચો પક્ષ રાખીને જાણ કરવી જોઈએ પણ તેઓ કશું કરતાં નથી ખેલ જોઈ રહ્યા છે. આજ સુધી બ્રોડગેજ માટે જે કામગીરી કરી હોય તે તથા હાલ આ પ્રશ્ન કયાં અટવાયો છે તે તેમણે જાહેર કરવું જોઈએ.

આ ઉપરાંત જિલ્લા ભાજપનાં આગેવાનો, ધારાસભ્યઓએ તથા જિલ્લાનાં પનોતા પુત્ર અને કેન્દ્રિ મંત્રી રૂપાલા પણ આ અંગે છેલ્લામાં છેલ્લી સ્થિતિ શું છે તેનો અહેવાલ અમરેલીની જનતા માટે જાહેર કરવો જોઈએ. આ અંગે ભાજપનાં તમામ મહાનુભાવોને જનતાની લાગણી સાથે ખેલ્યા વગર શ્વેતપત્ર બહાર પાડે, જાહેર કરો તેવી માંગણી રાણવાએ કરેલ છે.

## બાબરાનાં ભાજપ પ્રમુખની પોલીસ સલાહકાર સમિતિમાં નિમણૂંક

બાબરા, તા. ૩૧

અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા જિલ્લા પોલીસ સલાહકાર સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર જિલ્લાના તાલુકામાંથી પ્રતિનિધિત્વ આપવા આવ્યું છે. એમાં બાબરામાંથી શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાની નિયુકિત કરવામાં આવતા શહેર ભાજપના અગ્રણીઓ, તાલુકા ભાજપના અગ્રણીઓ અને નગરપાલિકા પ્રમુખ, ઉપ પ્રમુખ સહિતના ભાજપના સભ્યો દ્વારા વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા છે.



શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા શહેર ભાજપના પ્રમુખ તરીકે ત્રણ વર્ષથી સંગઠન સફળતાથી કામ કરી રહ્યા છે. ત્યારે જિલ્લા પોલીસ સલાહકાર સમિતિમાં સભ્ય તરીકે પણ પોલીસ સાથે કદમથી કદમ મિલાવી કાયદા વ્યવસ્થા સહિતના મુદ્દે સારી કામગીરી કરે તેવી શુભેચ્છાઓ પણ સ્થાનિક અગ્રણીઓ દ્વારા આપવામાં આવી હતી.

## થોરડી ગામે આવેલ લોકવિદ્યા મંદિર અને નિવાસી અંધ વિદ્યાલયનું ગૌરવ



સાવરકુંડલા, તા. ૩૧

અખિલ ભારતીય શાળાકીય સ્પર્ધા ૨૦૨૩માં સાવરકુંડલા તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધાનું આયોજન એસ.એમ.જી.કે. સંકુલમાં યોજાયું હતું. જેમાં લોકવિદ્યા મંદિર થોરડીની ટીમ ફાઈનલમાં એસએમજીકે સંકુલની ટીમને હરાવી વિજેતા બની છે. જે હવે અમરેલી જિલ્લા કક્ષાએ સાવરકુંડલા તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે અને જિલ્લાકક્ષાએ જીત મેળવી રાજયકક્ષાએ પહોંચે તેવી સમગ્ર શાળા પરીવાર વતી શુભકામનાઓ પણ પાઠવવામાં આવી રહી છે.

### પૂનમનો ચંદ્રમાં જોઈ અંબાલાલ પટેલે કાઢયો વરસાદનો વરતારો

## સપ્ટેમ્બર મહિનાની આ તારીખથી મેઘરાજા કરશે રી-એન્ટ્રી, જાણો કેવો/કેટલો પડશે?


### આગાહીથી ખેડૂતોએ હવે હાશકારો અનુભવ્યો છે

અમરેલી, તા. ૩૧

છેલ્લા પાંચ વર્ષની સાપેક્ષમાં આ વર્ષે ચોમાસુ કંઈક અલગ પ્રકારનું જોવા મળ્યું છે. ચોમાસાની શરૂઆતમાં પ્રથમ બે મહિના દરમિયાન સારો એવો વરસાદ પડયો. પરંતુ આ વર્ષે સંપૂર્ણ ઓગસ્ટ મહિનો કોરો ધાકડ જોવા મળ્યો છે. છેલ્લા ૩૦ વર્ષમાં આ પહેલીવાર બન્યું છે. ત્યારે હવે ગઈકાલે પૂનમનો ચંદ્રમાં જોઈને હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા આગામી દિવસોમાં કેવો વરસાદ પડશે તેને લઈને વર્તારો કાઢવામાં આવ્યો છે. તેના વિશે વિગતવાર માહિતી અમે તમને આ લેખમાં જણાવીશું.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા આગાહી કરતા જણાવ્યું છે કે ઓગસ્ટ મહિનો ભલે સંપૂર્ણ રીતે કોરો ધાકડ જોવા મળ્યો હોય પરંતુ સપ્ટેમ્બર મહિનામાં ફરી એકવાર મેઘરાજા ગુજરાતમાં તબાહી મચાવી શકે છે. સપ્ટેમ્બર મહિનાનાં શરૂઆતના દિવસોમાં જ બંગાળની ખાડી અને અરબીસમુદ્ર સક્રિય થશે. જેને કારણે ગુજરાતમાં ફરી એકવાર નિષ્ક્રિય થયેલ ચોમાસું ધમધમાટ કરતું જોવા મળી શકે છે.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે પૂનમનો ચંદ્રમાં જોઈને અનુમાન લગાવતા જણાવ્યું છે કે ૪થી



૧૦ સપ્ટેમ્બરની વચ્ચે બંગાળની ખાડીમાં એક તીવ્ર લો પ્રેશર સિસ્ટમ સક્રિય થશે. જેને કારણે સૌરાષ્ટ્ર સહિત દક્ષિણ ગુજરાતનાં મોટાભાગના વિસ્તારોમાં સાર્વત્રિક ભારેથી અતિભારે વરસાદની શકયતા વ્યકત કરવામાં આવી છે. જન્માષ્ટમી ઉપર આ વર્ષે સારામાં સારા વરસાદના યોગ જોવા મળી રહ્યા છે. તેવું પણ અંબાલાલ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઓગસ્ટ મહિનો સંપૂર્ણ રીતે કોરો જતા ગુજરાતના ખેડૂતો હવે વરસાદની રાહ જોઈ રહ્યા છે. રાજયમાં ૭૫% થી વધારે હેકટરમાં ચોમાસુ વરસાદ હેઠળ ખેતી કરવામાં આવે છે. જેને કારણે હવે ઉભો પાક સુકાઈ રહ્યો છે. પરંતુ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આ આગાહીથી ખેડૂતોમાં હાશકારો અનુભવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે ગુજરાતના ખેડૂતોના ચિંતા કરવાની જરૂર નથી. આગામી દિવસોમાં ફરી એકવાર ચોમાસુ સક્રિય થવાનું છે.

બે મજબૂત વરસાદી સિસ્ટમ સક્રીય થવાને કારણે, આગામી ૩ થી ૧૦ સપ્ટેમ્બર સુધીમાં ગુજરાતમાં વરસાદ વરસવાની સંભાવના છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જયારે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં અતિભારે વરસાદની સંભાવના વ્યકત કરાઈ છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ આ સમયગાળા દરમિયાન ભારે વરસાદ પડવાની આગાહી અંબાલાલ પટેલે કરી છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA
॥ વંદે માતરમ્ ॥
FZ-S
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક


» - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

"શ્રી વલ્લભ"
Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999


Hero
Go BIG Go XOOM


Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ


ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.

# આપણા ઋષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા



સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

## કશ્યપ

ત્રણેય લોક ભરાઈ ગયા. તેથી જ કશ્યપને સૃષ્ટિકર્તા કહેવામાં આવે છે. ટુંકમાં આપણે કહી શકીએ કે સ્થાવર–જંગમ, પશુ–પક્ષી, દેવ–દાનવ, માનવ એ બધાં જકશ્યપનાં સંતાનો છે. હા, તેમની માતાઓ જુદી જુદી છે અને તેથી જ સંતાનોમાં સૃષ્ટિના તમામ વિવિધ પ્રકારનાં જીવોનો જન્મ થવા પામ્યો છે. કશ્યપના સંતાનોમાં ફકત આપણો માનવ કે દેવ–દાનવનો જ સમાવેશ થતો નથી, પશુ–પક્ષી, જીવજંતુ, સરિસૂપ, વૃક્ષ–વનસ્પતિ એ બધી જ સજીવ સૃષ્ટિ કશ્યપગોત્રી છે. તૈતિરીય સંહિતા કહે છે : 'અષ્ઠ વૃક્ષસ્થ રેરિવા । "હું સંસારરૂપી વિશાળ વૃક્ષને પ્રેરનારો છું."આપણે એટલું સમજી શકીએ કે સૃષ્ટિનાં માતા–પિતા અદિતિ અને કશ્યપ છે. બ્રહ્માને સૃષ્ટિનું સર્જન કરવું આવશ્યક હતું, આથી એમણે પોતાનાં માનસપુત્રોને સંતાનોત્પતિનું કાર્ય હાથ ધરવાનું સૂચન કર્યુ અને ઋષિઓએ આ ધર્મકાર્ય તરીકે સ્વીકાર્યુ પણ ખરૂ, ઋષિઓના મતે લગ્નજીવન ખોટું નથી કે સ્ત્રી–પુરૂષનો પ્રેમ પણ નિંદનીય નથી. તેને માયા કે કામવાસના કહીને ધિકકારવાની જરૂર પણ નથી. હા, તેને વિશુદ્ધ કરવાની કે પ્રભુમય બનાવી સૃષ્ટિક્રમને આગળ વધારવાની પ્રવૃતિમાં મદદરૂપ બનાવવાની જરૂર છે. ભારતીય ઋષિઓની દ્રષ્ટિ આવી ઉત્તમ અને આદર્શ જ રહી છે. સ્નેહસંબંધ બાંધવો એ ખોટું નથી. પરંતુ તેમાં પાયાનું આવરણ ઢાંકીને લોલુપતા રાખતી કે મોહનાં પડળનાં આંખે પાટા બાંધી દેવાનાં નથી એ ઋષિઓએ સતત હૃદયસ્થ રાખ્યું છે. આથી તો મહર્ષિ પરાશર મત્સ્યગંધા કે સત્યવતી સાથે સ્નેહસંબંધ બાંધ્યા છતાં મહર્ષિ પરાશર મત્સ્યગંધા કે સત્યવતી સાથે સ્નેહસંબંધ બાંધ્યા છતાં મહર્ષિ રહી શકયા અને વ્યાસ અવિવાહિત સ્ત્રીનાં સંતાન હોવા છતાં માનનીય જ રહયા છે. તેઓ કેવળ પુજય રહયા, એટલું જ નહીં, પણ ચોવીસ અવતારમાંના એક અવતારી તરીકે પણ પૂજનીય રહયાં છે.

વિશ્વામિત્રે મેનકા સાથે સંબંધ બાંધ્યો, છતાં તપના પ્રભાવથી બ્રહ્મર્ષિ બન્યા અને સપ્તર્ષિમાં સ્થાન પામ્યા છે. કોઈએ કોઈની નિરર્થક નિંદા કરી નથી. કુદરતના ક્રમને માન આપ્યું છે. ઋષિએ પણ પોતાનાં ધર્મકાર્ય, તપશ્ર્વર્યા અને વિરકતતાને જાળવી જાણ્યા છે. તેથી તેઓનાં ગુણ, યોગ્યતા, તપ, ધ્યાન, જ્ઞાન અને નિક્ષેપતા જેવા ગુણોને ખ્યાલમાં રાખી તેમને વંદનીય માન્યા છે. તેમણે સાંસારિક જીવન ઈશ્વરપ્રાપ્તિ માટે કે જ્ઞાનોપાર્જન માટે બાધક નહી, પણ સાધક માન્યું છે. વિવેક, સંયમ અને પ્રભુપરાયણતા સાથે જીવન જીવવાની કલા એ ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિ સાથે જ વણાયેલી છે. પરબ્રહ્મના ધ્યાનમાં લીન રહેતા કશ્યપનો આશ્રમ મેરૂપર્વતના શિખર પર હતો. દે, દાનવ, માનવ, સર્વકોઈ કશ્યપઋષિને માન આપતા, તેમની આજ્ઞાનું પાલન કરવા તત્પર રહેતા, પરશુરામ અને રામચંદ્રજીના તેઓ ગુરૂ હતાં. 'વિષ્ણુંપુરાણ' પ્રમાણે સાતમાં મન્વન્તરમાં થયેલા સપ્તર્ષિઓ એટલે વસિ/ઠ, કશ્યપ, અત્રિ, જમદગ્નિ, ગૌતમ, વિશ્વામિત્ર અને ભારદ્વાજ આમ કશ્યપઋષિ સપ્તર્ષિઓમાં પ્રમુખ સ્થાન શોભાવે છે. સપ્તર્ષિમંડળને 'અરિષ્ટનેમિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. કહેવાય છે કે સમગ્ર કાશ્મીરપ્રદેશ પર કશ્યપઋષિ અને તેમનાં પુત્રોનું એકચક્રી શાસન હતું. બ્રહ્માના આ પુત્રે પર્વત કાપીને પાણી કાઢવું એ કાશ્મીર પ્રદેશનું નામ 'કશ્યપ' પરથી પડયું છે. કૈલાસપર્વતની આસપાસ ભગવાન શિવનાં ગણોની સત્તા હતી. સાથે દક્ષનું સામ્રાજય પણ ફેલાયેલું હતું. જયારે કાશ્મીર–પ્રદેશ પર કશ્યપની આણ વર્તતી હતી.'અથર્વવેદ' અનુસાર જેમનો જન્મ 'કાળ'થી થયો છે. તેવા કશ્યપઋષિએ અનેક સ્મૃતિગ્રંથોની રચના કરી છે. પ્રાચીનકાળનાં મુખ્ય અઢાર જયોતિષ–આચાર્યોમાંના એક તે કશ્યપઋષિ, કશ્યપ શિલ્પાશાસ્ત્રના પણ પ્રણેતા હતા. પરીક્ષિતનાં સમગમાં આ નામનાં એક વૈદ્ય પણ થયા છે. પરંતુ આપણે તો પ્રજાપતિ કશ્યપઋષિને જ વધુ જાણીએ છીએ, જેમણે 'નારદપુરાણ'માં વામનસ્તૃતિ (૧.૧૧.૭૨.૮૧) રચીને 'દશકસ્તોત્ર' તરીકે આદરણીય સ્તૃતિદર્શન કરાવ્યું છે. કશ્યપઋષિ કહેતા : 'સૌથી શ્રેષ્ઠ ધર્મ એક નહીં, ત્રણ છે : દાન, દયા અને કર્મ." કશ્યપઋષિ એટલે જગતપિતા, જેઓ કહે છે : 'સંતતિ શુદ્ધવંશ્યા હિ પરત્રેહ ચ શર્મણે ।'"સારાં સંતોનો આ લોક અને પરલોકમાં સુખ આપે છે." **(સૌજન્ય – આપણા મહાન ઋષિઓ–ક્રમશઃ)**

# સાવરકુંડલા મહિલા આર્ટસ કોલેજમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો





સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા શહેરમાં નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં પ્રાંત અધિકારી ધારાબેન ભાલાળાનાં અધ્યક્ષ સ્થાને ભવ્ય કાર્યક્રમ યોજાયો. ત્રિવિધ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામા ૩૭માં વેલકમ ડે ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી. દર વર્ષે કોલેજમાં નવી પ્રવેશ મેળવતી વિદ્યાર્થીની બહેનોને આવકારવા વેલકમ ડે ની ઉજવણી કરવામાં આવે છે. તેજસ્વી વિદ્યાર્થીની બહેનોને ઈનામ વિતરણ તથા કોલેજનાં કલાર્ક શ્રીમતી રેખાબેન દેસાઈ વય નિવૃત થતાં તેઓનો વિદાય સમારંભ. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે પ્રાંત અધિકારી ધારાબહેન ભાલાળાની ઉપસ્થિતિ રહી હતી. આ ઉપરાંત કાર્યક્રમમાં વિશેષ મહેમાનો હાજર રહ્યા હતાં. જેમાં એસ.બી.આઈ. નાં મેનેજર ઠાકુર સાહેબ, નૂતન કેળવણી મંડળનાં ઉપપ્રમુખ મુકુંદભાઈ નાગ્રેચા મેનેજિંગ ટ્રસ્ટી જયંતીભાઈ વાટલીયા, જાબીરભાઈ ચૌહાણ તેમજ ચેમ્બર ઓફ કોમર્સના રાજુભાઈ શિંગાળા તેમજ રવૈયા, પાર્થભાઈ ગેડિયા, ગૌરાંગભાઈ જાની, ભાવેશભાઈ બોરીસાગર, કુરેશી, રોહિતભાઈ હાજર રહ્યાં હતાં. કોલેજમાં અભ્યાસ કરતી બહેનો દ્વારા નવી પ્રવેશ મેળવેલ બહેનોનું પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવેલ. તેમજ તેજસ્વી વિદ્યાર્થીની બહેનોને સન્માનિત કરવામાં આવેલ. સાથે સાથે કોલેજના કલાર્ક રેખાબેન દેસાઈ વય નિવૃત થતા તેઓનો વિદાય સમારંભ ગોઠવવામાં આવેલ. ધારાબેન ભાલાળા દ્વારા વિદ્યાર્થીની બહેનોને સ્ત્રી સશકિતકરણ વિશે પ્રેરિત કરવામાં આવેલ. અંતમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ચાવડા તથા સમગ્ર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

### સહપરિવાર રક્ષાબંધન પર્વ ઉજવ્યું

# કુંડલા ક્ષત્રિય અગ્રણીએ ગીરધર ઘરની નિરાધાર બહેનોને હસ્તે રક્ષા બંધાવી

## મધર્સ ડે અને સિસ્ટર્સ ડે આજ વૃદ્ધાશ્રમમાં વિતાવે છે







સાવરકુંડલા, તા. ૩૧

કુંડલા સ્ટેટ જોગીદાસબાપુ ખુમાણની પરંપરાનાં ખુમાણ પરિવારના અગ્રણી સનરાઈઝ સ્કૂલનાં મેનેજિંગ ટ્રસ્ટી અને ફ્રી પ્રેસ જર્નાલિસ્ટ પ્રતાપભાઈ ખુમાણ સહપરિવાર આજે ગિરધરવાવ સાવરકુંડલા ખાતે આવેલા ગિરધર ઘર એટલે કે વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. આ ગિરધર ઘરમાં કુલ ૨૧ વડીલો આશ્રય મેળવી રહ્યા છે.

જેમાં સમગ્ર દેશમાંથી જુદા જુદા રાજયોમાંથી નિરાધાર વૃદ્ધો આશ્રય લઈ રહ્યા છે. જેમાં બેંગ્લોર, મહારાષ્ટ્ર, નવસારી, જૂનાગઢ, અમરેલી, સાવરકુંડલા સહિતનો સમાવેશ થાય છે. આ ગિરધર ઘરનું સંચાલન મુંબઈ સ્થિત મૂળ સાવરકુંડલાનાં કાપડ ક્ષેત્રનાં માંધાતા હરેશ મહેતાની આગેવાની નીચે શ્રી રામ વાત્સલ્ય ધામ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. આ વૃદ્ધોના ઘરમાં પાંચ બહેનો કે જેમની ઉંમર ૮૦ ની આસપાસ છે, તેમના કોઈપણ સગા સંબંધીઓ કયારેય કોઈ તહેવાર નિમિત્તે કે અમસ્તા પણ ખબર અંતર પૂછવા ડોકાતા નથી, અરે ટેલિફોનિક પણ નહીં..!! ત્યારે છેલ્લા ઘણા વર્ષોથી પ્રતાપભાઈ ખુમાણે એક સંકલ્પ કરેલ છે કે વર્ષમાં ફરજિયાત બે દિવસ મધર્સ ડે અને સિસ્ટર્સ ડે એટલે કે રક્ષાબંધન ગિરધર ઘરનાં પાંચ બહેનો સાથે જ વિતાવવો એટલે આજે રક્ષાબંધનનાં પવિત્ર દિવસે પોતાનાં પરિવાર સાથે સવારે ગિરધર ઘર પહોંચી પાંચેય બહેનોને હાથે રાખડી બંધાવી આશીર્વાદ લીધા હતા અને દરેક બેનને એક એક સાડી પણ વીરપસલીમાં ભેટ આપી હતી અને પેંડાથી મોં મીઠું કરાવ્યું હતું. જેમાં એક બહેન કે જે ૮૨ વર્ષની ઉંમરનાં અને નિવૃત્ત પ્રાથમિક શિક્ષિકા ઈન્દુબેન છે. તેઓ તો ખૂબ ભાવવિભોર થઈ ગયા અને ધ્રુસકે ધ્રુસકે રડી પડયાં. આ ગિરધર ઘરમાં જે કુલ ૨૧ વૃદ્ધો રહે છે તેમનાં પરિવારમાં ભાઈઓ, દીકરાઓ, બહેનો હયાત છે જ પણ અમુકને બાદ કરતા કોઈ કયારેય સામું જોવા સુધ્ધાં આવતા નથી. ત્યારે પ્રતાપભાઈ ખુમાણ જણાવે છે કે, 'મધર્સ ડેનાં દિવસે હું દીકરો બની જાઉં છું અને સિસ્ટર્સ ડે એટલે કે રક્ષાબંધને ભાઈ બની જાવ છું...! અને આ એકલતા અને હતાશાથી પીડાતા પરમ આત્માઓને રાજી કરવાનો એક પ્રયાસ કરું છું.'

### નાના એવા મિતિયાળા ગામે રક્ષાબંધનની અનેરી ઉજવણી

# જાફરાબાદ : બાળકોએ ૫૦ ફૂટની રાખડીની ડીઝાઈનમાં બેસી ઉજવણી કરી

## બાળકોએ બનાવાયેલ રાખડીઓ સોશ્યલ મીડિયામાં વાયરલ



અમરેલી, તા. ૩૧

જાફરાબાદ તાલુકાનાં મિતિયાળા ગામે રક્ષાબંધનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એકીસાથે ૧૦૦ થી વધુ બાળકોએ ૫૦ ફૂટની લાંબી રાખડીની ડીઝાઈનમાં બેસી ઉજવણી કરી હતી.

જાફરાબાદ તાલુકાનાં મિતિયાળા ગામે આજે રક્ષાબંધનનાં પવિત્ર તહેવારને અનોખી રીતે ઉજવણણી કરવા માટે સરકારી શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ૫૦ ફૂટની અદ્દ્ભૂત રાખડીનાં આકારમાં બેસી માનવ રાખડી બનાવી હતી અને રક્ષાબંધનની અનોખી ઉજવણી બાળકોના સહયોગથી શિક્ષક રઘુ રમકડું દ્વારા અનોખી રીતે કરવામાં આવી હતી. મિતિયાળા ગામે રક્ષાબંધનનાં પવિત્ર તહેવારને અનોખી રીતે કરાયેલ વિધાર્થીઓ સર્જિત રાખડીનો વિડીયો સોશીયલ મીડિયામાં વાયરલ થતાં લોકોને તહેવારની ઉજવણી કરવાં પ્રોત્સાહન મળ્યું હતું.

# સાવરકુંડલામાં જિલ્લા કક્ષાની કરાટે અને ટેકવેન્ડો સ્પર્ધા યોજાઈ



સાવરકુંડલા, તા. ૩૧

ગુજરાત સરકાર દ્વારા રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા આયોજિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તેમજ સરદાર પટેલ રમત ગમત સંકુલ અમરેલી જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા યજમાન શાળા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સાવરકુંડલામાં જિલ્લા કક્ષાની અખિલ ભારતીય શાળાકિય સ્પધાઓમાં કરાટે અને ટેકવેન્ડો અંડર ૧૪, અંડર ૧૭ અને અંડર ૧૯ માં ભાઈઓ અને બહેનોનું સંયુકત રીતે આયોજન કરવામાં આવેલ. જેમાં અમરેલી જિલ્લાના અલગ અલગ શાળાઓમાંથી પસંદ થયેલ શ્રેષ્ઠ ખેલાડીઓએ ભાગ લઈ સ્પર્ધાને રોમાંચક બનાવી દીધી. આ સમ્રગ કાર્યક્રમમાં પધારેલા મહેમાનોમાં ગુજરાત કરાટે એસોશિએશનનાં વડા ટેકનિકલ ડિરેકટર રણજીતસિંહ ચૌહાણ ખાસ હાજર રહ્યા હતાં. સાથે અમરેલી જિલ્લા રમત ગમત અધિકારી પૂનમબેન, સાવરકુંડલા ટાઉન પી.આઈ. સોની, યજમાન સંસ્થાનાં શ્રી અક્ષર મુકત સ્વામી, ગુરૂકુળ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ઘનશ્યામભાઈ કણકોટીયાની સાથે ગુરૂકુળ શાળાનાં તમામ આચાર્યો હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન યજમાન શાળાનાં આચાર્ય વૈશાલીબેન તેમજ રમત ગમતનાં કોચ તરીકે સેવા આપતા દિપકભાઈ વાળા અને ઝાલા દ્વારા તૈયાર કરવામાં આવેલ અને કાર્યક્રમનું સંચાલન કાનાણી દ્વારા કરવામાં આવેલ

### નાળિયેરી પૂનમની ઉજવણીની સાથે

# નવાબંદર, સિમર તેમજ સૈયદ રાજપરા ગામનાં માચ્છીમારો દ્વારા દરિયાદેવનું પૂજન

## બોટ એસો.નાં પ્રમુખ સહિતનાં આગેવાનોએ કર્યુ પૂજન



ઉના, તા. ૩૧

ઉના તાલુકાનાં માચ્છીમાર સમાજ દ્વારા નાળિયેરી પૂનમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માચ્છીમારોએ દરિયાદેવનું પૂજન અર્ચન કરી નવી સિઝનનો પ્રારંભ કર્યો હતો.રક્ષાબંધનને નાળિયેરી પુનમ તો કોઈ બળેવ પણ કહે છે. રક્ષાબંધનનો દિવસ સાગરખેડૂઓ માટે ખૂબ જ મહત્વનો દિવસ માનવામાં આવે છે. ચોમાસાનાં વિરામ બાદ માચ્છીમારો રક્ષાબંધનનાં દિવસથી દરિયો ખેડવાનું શરૂ કરે છે. તો આખું વર્ષ સારું જાય અને દરિયો બધી જ રીતે સાથ આપે એ માટે નાળિયેરી પૂનમનાં દિવસે માચ્છીમારો દરિયા અને બોટની પુજા કરે છે. જેમાં ઉના તાલુકાનાં નવાબંદર ગામે બોટ એસો. પ્રમુખ શાંતિભાઈ રામાભાઈ કામળીયા, ખારવા સમાજનાં પટેલ નરેશભાઈ સોમવારભાઈ બારીયા, કોળી સમાજનાં પટેલ જીજ્ઞેશભાઈ ભુરાભાઈ બાંભણિયા, સરપંચ પ્રતિનિધિ સોમવારભાઈ મજીઠીયા, ઉપ સરપંચ હરકિશનભાઈ બાબુભાઈ સોલંકી સહિતનાઓ દ્વારા લહેશ્વર મહાદેવ મંદિર નજીક આવેલ દરિયા કિનારે પૂજા કરવામાં આવી હતી. તેમજ સિમર બંદર ખાતે અને સૈયદ રાજપરા ગામના લાઈટ હાઉસ ખાતેનાં બારા વિસ્તારનાં દરિયા કિનારે માચ્છીમારોએ દરિયાની પૂજા અર્ચના કરીને વ્યવસાય શરૂ કર્યો હતો. માચ્છીમારોએ દરિયાની પૂજા કરીને નાળિયેરી પૂનમની ઉજવણી કરી હતી.

ખેતીની સાથે સાથે ગીર સોમનાથ જિલ્લો માચ્છીમારી માટે પણ જાણીતો છે. નવાબંદર, સિમર તેમજ સૈયદ રાજપરાનો દરિયાઈ પટ્ટો વિશાળ હોવાથી અહીં માચ્છીમારોની સંખ્યા પણ ખૂબ જ વધુ છે. તો ચોમાસાના વેકેશન બાદ ગઈ કાલથી માચ્છીમારોએ ફરીથી દરિયો ખેડવાની શરૂઆત કરી છે. રક્ષાબંધનની સાથે સાથે ગઈકાલનાં દિવસને બળેવ અને નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. જયારે ઉના તાલુકાનાં બંદર વિસ્તારનાં માચ્છીમારોએ દરિયાની પૂજા કરીને દરિયો ખેડવાની શરૂઆત કરી હતી.

ચોમાસા દરમિયાન દરિયો તોફાની હોય છે. જેથી દરિયો ખેડવો જોખમી બની જતો હોય છે. જેથી માચ્છીમારો દરિયામાંથી પરત આવી જાય છે. ઉના તાલુકાનાં ત્રણેય બંદરો પર આશરે ૧૫૦૦ થી વધુ બોટ છે. જો કે ચોમાસાનાં સમયે આ બોટ કિનારે લાંગરવામાં આવે છે. ગઈ કાલ નાળિયેરી પૂનમના દિવસે માચ્છીમારોનાં પરિવારોએ કિનારે આવીને બોટની પૂજા અર્ચના કરી હતી અને દરિયામાં નાળિયેર વધાવીને દરિયાની પણ પૂજા કરી હતી. તેમની માન્યતા છે કે, દરિયાની પૂજા કરવાથી વ્યવસાયમાં પ્રગતિ થાય છે અને પરિવારની દરિયો સુરક્ષા કરે છે. બે વર્ષ પહેલા કોરોનાનાં કારણે માચ્છીમારોની હાલત કફોડી થઈ હતી. જેમાં માચ્છીમારોને માચ્છીમારીની સીઝનમાં પણ મોટું નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. જોકે આ વર્ષ હવે માચ્છીમારો માટે સારું જાય તેવી માચ્છીમાર પરિવારોએ દરિયાદેવની પૂજા કરી અને આશીર્વાદ માંગ્યા હતા. રક્ષાબંધનનાં દિવસે માચ્છીમારો નાળિયેર વડે દરિયાની પૂજા કરે છે. તેમજ પોતાની રોજગારી અને દરિયામાં સુરક્ષા માટે પ્રાર્થના કરીને પોતાનાં ધંધા રોજગારની શરૂઆત કરે છે. જેથી રક્ષાબંધન નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખાય છે.

### આગામી ૪ અને ૫ સપ્ટે.નાં રોજ

# સા.કુંડલાની કબીર ટેકરી ખાતે સદ્ગુરૂ તપસ્વી શ્રી રામ પ્રતાપ સાહેબની પુણ્યતિથિ ઉજવાશે

## શોભાયાત્રા, ધર્મસભા, મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાશે




॥ તપસ્વી શ્રી રામપ્રતાપ સાહેબ ॥

સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા ખાતે આવેલ કબીર સંપ્રદાયની ધાર્મિક સંસ્થા કબીર ટેકરી આશ્રમ ખાતે શ્રી કબીર સાહેબનાં આશિર્વાદથી સદ્ગુરૂ તપસ્વી શ્રી રામપ્રતાપ સાહેબની ૪૨ પુણ્યતિથિની ભાવભરી ઉજવણી કરવામાં આવનાર છે. તારીખ ૪/૯/ સોમવાર અને તારીખ ૫/ ૯/ મંગળવાર એમ બે દિવસ દરમિયાન સદ્ગુરૂ તપસ્વી શ્રી રામ પ્રતાપ સાહેબની પુણ્યતિથિ ભકિતભાવપૂર્વક ઉજવાય રહી છે. સંસ્થા દ્વારા બંને દિવસે જુદા જુદા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તારીખ ૪/ ૯ /૨૩ સોમવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કબીર ટેકરીની વાડી ખાતે સતલોકવાસી સંત શ્રી સાગરદાસ સાહેબની નવનિર્મિત સમાધિ સેવકોના દર્શનાર્થે ખુલ્લી મુકાશે. જયારે બપોર ૩/૩૦ કલાકે કબીર ટેકરી ખાતે ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું દીપપ્રાગટય સ્વામિનારાયણ ગુરૂકુળનાં સંત સ્વામી શ્રી ભગવત પ્રસાદદાસજી હસ્તે થશે. આ ધર્મસભામાં ભાગવત આચાર્ય સાગરભાઈ દવે પોતાનું ધાર્મિક પ્રવચન આપશે. ત્યારબાદ સાંજે સેવક સમુદાય માટે ભોજન પ્રસાદ અને રાત્રિના ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે દ્વિતીય દિવસ તારીખ ૫/૯/૨૩ ને મંગળવારનાં સવારે ૭:૩૦ કલાકે ધ્વજારોહણ ૮:૩૦ કલાકે તપસ્વી શ્રી રામ પ્રતાપ સાહેબની મહાઆરતી બાદ ૯:૦૦ કલાકે તપસ્વી શ્રી રામ પ્રતાપ સાહેબની ચિત્ર પ્રતિમા સાથે ભવ્ય શોભાયાત્રા શહેરનાં મુખ્ય માર્ગો પર પરિભ્રમણ કરશે. બપોરે ૧૨:૩૦ કલાકે તમામ સેવક સમુદાય માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે બપોરનાં ૩/૩૦ કલાકથી ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રવિરામ બાપુ હરિયાણી પોતાનું ધર્મ પ્રવચન આપશે. ધર્મસભામાં પ્રતિવર્ષ સંસ્થા દ્વારા અપાતા પ્રતિષ્ઠિત સદ્ગુરૂ શ્રી કબીર સાહેબ સેવા એવોર્ડ સેવાભાવી વ્યકિતઓને એનાયત કરવામાં આવશે. સાંજે ૭:૩૦ કલાકે મહાપ્રસાદ બાદ ૮:૩૦ કલાકે સંતવાણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. કાર્યક્રમમાં સનાતન આશ્રમ બાઢડાથી જયોતિરમૈયા, શિવ દરબાર આશ્રમ કાનાતળાવથી ઉષામૈયા, અમદાવાદ કબીર મંદિરથી મહંત શ્રી ઋષિદાસ સાહેબ સહીત સંતો–મહંતો અને બહારગામ સંસ્થાનાં યજમાનો પધારશે. તો તમામ ધાર્મિક કાર્યક્રમમાં સમગ્ર સેવક સમુદાયને ધર્મલાભ લેવા પધારવા સદ્ગુરૂ કબીર સાહેબ સેવા ટ્રસ્ટનાં મહંત શ્રી નારાયણદાસ સાહેબ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# લીખાળા ગામે ભીમરામનાથ મહાદેવને અનોખો શણગાર



સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા તાલુકાનાં લીખાળા ગામે આવેલ શ્રી ભીમરામનાથ મહાદેવનાં મંદિરમાં સુશોભિત ફૂલોથી રાષ્ટ્ર ભકિતનો સમન્વય નજરે પડે દેશની સફળતા છે તે ગ્રામ્ય લેવલે પણ નજરે પડે છે. આમ મંદિરોમાં પણ હવે ધર્મ સાથે રાષ્ટ્ર ભાવના દર્શન નજરે પડે છે. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### હવે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડાને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે

# LPGના ભાવમાં ઘટાડા બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટશે?

### છેલ્લા કેટલાક દિવસોમાં, સરકારે ચોખા, ઘઉં, ડુંગળી અને અન્ય અનાજની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે, જેથી કરીને વધતી કિંમતોથી રાહત મળી શકે

નવી દિલ્હી, તા.૩૧

મોંઘવારીમાં રાહત આપતા કેન્દ્ર સરકારે સામાન્ય લોકો માટે એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે. જ્યારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૪૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

આવી સ્થિતિમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થવાની સંભાવના વધી ગઈ છે. સિટીગ્રુપ ઈંક. અનુસાર, રાંધણ ગેસના ભાવમાં ઘટાડો કરવાના ભારતના પગલાથી ફુગાવો ઘટી શકે છે અને કેટલાક મોટા તહેવારો અને મુખ્ય ચૂંટણીઓ પહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે ગેસના ભાવ ઘટાડવાના નિર્ણયથી ફુગાવાના દરમાં ૩૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો થઈ શકે છે. આ સિવાય સપ્ટેમ્બરમાં ટામેટાના ભાવમાં ઘટાડાથી મોંઘવારીનો વધારો ૬ ટકાથી નીચે જવાનો છે. જુલાઈમાં ફુગાવો ૧૫ મહિનાની ટોચે પહોંચ્યો હતો અને અધિકારીઓ છૂટક કિંમતો ઘટાડવા માટે સક્રિય પગલાં લઈ રહ્યા છે. ભારત સરકાર ખાદ્યપદાર્થોના ભાવમાં ઘટાડો કરીને સામાન્ય લોકોને મોંઘવારીમાંથી રાહત આપવાનો પ્રયાસ કરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં, સરકારે ચોખા, ઘઉં, ડુંગળી અને અન્ય અનાજની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે, જેથી કરીને વધતી કિંમતોથી રાહત મળી શકે.

આ વર્ષના છેલ્લા ક્વાર્ટરમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ સહિત ઓછામાં ઓછા પાંચ રાજ્યોમાં ચૂંટણી યોજાવાની છે. આ પછી ૨૦૨૪ની શરૂઆતમાં રાષ્ટ્રીય ચૂંટણી યોજાશે. આવી સ્થિતિમાં, અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે આગામી સમયમાં તિજોરીમાંથી વધુ નાણાં ખર્ચવામાં આવી શકે છે. આગામી સમયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના ભાવમાં અસ્થિરતા હોવા છતાં, ગેસોલિન અને ડીઝલના પંપ ભાવ એક વર્ષથી વધુ સમયથી યથાવત છે. તેમણે કહ્યું કે ઈંધણની કિંમતમાં કોઈપણ ઘટાડો એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડા દ્વારા કરી શકાય છે. અમેરિકામાં ક્રૂડ ઓઈલના વપરાશનો આંકડો આવી ગયો છે. અમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટિટ્યૂટ અનુસાર, ત્યાં ક્રૂડની ઈન્વેન્ટરીમાંથી ૧૧.૪૮૬ મિલિયન બેરલ ક્રૂડ લેવામાં આવ્યું છે. ગયા અઠવાડિયે માત્ર ૨.૪૧૮ મિલિયન બેરલ ક્રૂડ ખેંચાયા હતા. આ વર્ષે એપ્રિલથી અત્યાર સુધીમાં ક્રૂડ ઈન્વેન્ટરીમાંથી ૪૪ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલનો ચોખ્ખો ઉપાડ થયો છે. આ કારણે ગઈ કાલે સાંજે ૪:૧૬ વાગ્યે બ્રેન્ટ ક્રૂડની કિંમત ૧.૨૮ ટકા વધીને ૮૫.૫૦ બેરલ થઈ હતી. ગયા સપ્તાહની સરખામણીમાં આ બેરલ દીઠ $1.50 નો વધારો છે. મંગળવારે બજાર બંધ થવા પર, બેંચમાર્ક બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ $85.49 પર બંધ થયું. વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ અથવા WTI ક્રૂડ પણ પ્રતિ બેરલ $81.16 પર ટ્રેડ થઈ રહ્યું હતું.

### સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર સાઈબર હુમલો

# સુપ્રીમની વેબસાઈટ પર વ્યક્તિગત, ગોપનીય માહિતી શેર ન કરવા સલાહ

### સત્તાવાર વેબસાઇટની નકલ કરીને નકલી વેબસાઇટ બનાવવામાં આવી છે અને તેને હોસ્ટ કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૩૧

સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર સાઈબર હુમલાના સમાચાર સામે આવ્યા છે. સુપ્રીમ કોર્ટે આજે એક પરિપત્ર જારી કરીને કહ્યું હતું કે, તેની રજિસ્ટ્રીને તેની વેબસાઈટ પર ફિશિંગ હુમલા વિશે જાણ કરવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, સત્તાવાર વેબસાઈટની નકલ કરીને નકલી વેબસાઈટ બનાવવામાં આવી છે અને તેને હોસ્ટ કરવામાં આવી છે. હુમલાખોરો યુઆરએલદ્વારા અંગત વિગતો અને ગોપનીય માહિતી માગી રહ્યા છે.

તે યુઆરએલપર ક્લિક કરનારાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ કોઈપણ વ્યક્તિગત અને ગોપનીય માહિતીને શેર અથવા જાહેર ન કરે, કારણ કે સુપ્રીમ કોર્ટે લોકોને ચેતવણી આપી હતી કે આનાથી ગુનેગારોને માહિતી ચોરી કરવામાં મદદ મળશે. હેકિંગની દુનિયામાં, સાયબર ગુનેગારો દ્વારા ઘણા પ્રકારના હુમલાઓ કરવામાં આવે છે અને આ સાયબર હુમલાઓમાંથી એક ફિશિંગ હુમલો પણ છે. આ એક ખૂબ જ લોકપ્રિય સાયબર એટેક છે. જે લોકો તેની ચુંગાલમાં ફસાઈ જાય છે તેઓ માત્ર પૈસા જ નહીં પરંતુ અંગત ડેટા માટે જોખમી છે. આ હુમલાનો ઉપયોગ હેકર્સ દ્વારા યુઝરની ગોપનીય માહિતી જેમ કે, બેંક એકાઉન્ટ સંબંધિત માહિતી, સોશિયલ મીડિયા એકાઉન્ટની માહિતી, ક્રેડિટ કાર્ડ વિગતો વગેરેની ચોરી કરવા માટે કરવામાં આવે છે. આ હુમલા હેઠળ સાયબર ગુનેગારો યુઝરને ઈમેલ, મેસેજ અથવા યુઆરએલમોકલે છે, જેમાં એક લિંક જોડાયેલ હોય છે.

સાયબર ગુનેગારો લિંક પર ક્લિક કરીને વપરાશકર્તાને તેમની ગુપ્ત માહિતી દાખલ કરવા માટે વિનંતી કરે છે અથવા દબાણ કરે છે અને જ્યારે વપરાશકર્તા ભય અથવા લોભને કારણે તેમના દ્વારા મોકલવામાં આવેલી લિંક પર ક્લિક કરે છે, ત્યારે તે ફિશિંગ પેજ પર પહોંચે છે, જે બિલકુલ તેના પેજ જેવું જ દેખાય છે. પછી યુઝર જેવો તે પેજમાં પોતાની ગોપનીય માહિતી દાખલ કરે છે અને સબમિટ કરે છે કે તરત જ તેની ગોપનીય માહિતી સાયબર ક્રિમિનલ સુધી પહોંચે છે અને તે તેનો દુરુપયોગ કરે છે. તે માછીમારી જેવું જ છે તેથી તેને ફિશિંગ એટેક તરીકે ઓળખવામાં આવે છે.

### ભીંતચિત્રો હટાવી દેવાની માંગણી

# સાળંગપુર મુદ્દે હિંદુ ધર્મના સાધુ સંતો દ્વારા ઉગ્ર વિરોધ

### જો આ ભીંતચિત્રો નહીં હટે તો અનેક વિરોધ કાર્યક્રમો યોજાય તેવી પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે

બોટાદ, તા.૩૧

રાજ્યમાં હાલ સાળંગપુર મંદિર ખાતેનો વિવાદ ઘણો જ ચર્ચામાં છે. સાળંગપુર કષ્ટભંજન હનુમાન મંદિરમાં ૫૪ ફૂટ મૂર્તિ નીચે હનુમાનજીની તકતી અને ચિત્રોને કારણે વિવાદ સર્જાયો છે. છેલ્લા ઘણા સમયથી સોશિયલ મીડિયામાં આ ભીંતચિત્રોને કારણે વિવાદ જોવા મળી રહ્યો હતો. આ અંગે હિંદુ ધર્મના સાધુ સંતો દ્વારા ઉગ્ર વિરોધ દર્શાવાયો છે. આ ભીંતચિત્રો હટાવી દેવાની માંગણી કરવામાં આવી રહી છે. જો આ ભીંતચિત્રો નહીં હટે તો અનેક વિરોધ કાર્યક્રમો યોજાય તેવી પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. આપને જણાવીએ કે, બોટાદ જિલ્લામાં સાળંગપુર હનુમાનજીનું મંદિર આવેલું છે. જ્યાં કિંગ ઓફ સાળંગપુરની ૫૪ ફૂટની ભવ્ય પ્રતિમા બનાવવામાં આવી છે. આ પ્રતિમાની નીચે કણપીઠમાં શિલ્પચિત્રો કંડારવામાં આવ્યા છે. આ ચિત્રોમાં એકમાં સ્વામિનારાયણ ભગવાન ઉભા છે અને હનુમાનજી તેમને પ્રણામ કરતા હોય તેવું દર્શાવવામાં આવ્યું છે. કષ્ટભંજન હનુમાનજીની મૂર્તિ નીચે આ ભીંતચિત્રોમાં હનુમાનજીને દાસ બતાવવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતે વિવિધ પ્રકારે સોશિયલ મીડિયામાં ઉલ્લેખ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયામાં અલગ-અલગ લોકો દ્વારા આ અંગે વિરોધ પણ દર્શાવવામાં આવી રહ્યો છે. આ ચિત્ર અંગેનો વિવાદ સામે આવતા હિન્દુ ધર્મના વિવિધ સંગઠનો આક્રમક બન્યા છે. તમામ હિંદુ સંગઠનોએ માગણી કરી છે કે, આ ભીંતચિત્રો વહેલામાં વહેલી તકે હટાવવામાં આવે. આ મામલો વધુ ગરમાશે તેવું લાગતા વડતાલ સ્વામિનારાયણ ટ્રસ્ટની મિટિંગ મળવાની હતી પણ તે છેલ્લી ઘડીએ રદ કરવામાં આવી હતી. તો આજે આ અંગેની મિટિંગ થઈ શકે છે. સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે ૫૪ ફૂટ ઊંચાઈની હનુમાનજી મહારાજની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ પ્રતિમાની નીચે અનેક ચિત્રો કંડારવામાં આવ્યા છે. આ પ્રતિમાઓમાં હનુમાનજી દાદાને સહજાનંદ સ્વામીના દાસ તરીકે ચિતરવામાં આવ્યા હોવાનું તથા હનુમાનજી સહજાનંદ સ્વામી સામે હાથ જોડીને નમસ્કાર મુદ્રામાં ઉભા હોય તેવું દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત અન્ય એક ભીંતચિત્રમાં એક આસન પર બેઠાં હોય તેવું પણ દેખાય છે. જ્યારે હનુમાનજી નીચે હાથ જોડીને નમસ્કાર મુદ્રામાં બેઠા હોય તેવું દર્શાવવામાં આવ્યું છે. કચ્છમાં આવેલા કબરાઉ મોગલધામના મણિધર બાપુએ પણ હનુમાન દાદાના ભીંતચિંત્રોને લઈ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. તેમણે આ મામલે કહ્યું હતું કે, 'તમે સનાતન ધર્મ, આખા રાષ્ટ્ર અને ૩૩ કરોડ દેવતાનું અપમાન કરી રહ્યા છો, માફી માંગી લેજો નહીં તો ખેર નથી. તેમણે એમ પણ જણાવ્યું છે કે, હનુમાનજીને ચરણ સ્પર્શ કરતા દેખાડીને સ્વામિનારાયણ સંપ્રદાયે મોટી ભૂલ કરી છે. તેમને પોતાની ભૂલ સ્વીકારવા સાથે માફી માંગવાની ચેતવણી આપી છે. મણિધર બાપુએ પોતાના નિવેદનમાં એવું પણ કહ્યું છે કે, આ તેમની મસમોટી ભૂલ છે તેમણે જે થુક્યું છે તે તેમણે જ ચાટવું પડશે. નહીં તો ચારણ સમાજ તેમને છોડશે નહીં. આ મામલે રામેશ્વર બાપુએ પણ પ્રતિક્રિયા આપી હતી. રામેશ્વર બાપુએ કહ્યું કે આજે ઘણા લોકોએ જડતાની સાથે હનુમાનજીને એક સામાન્ય વ્યક્તિની જેમ દર્શાવ્યા છે. આ કૃત્ય જેણે કર્યુ છે તે જડત્વના માર્ગ પર ચાલી રહ્યાં છે. તમે જે કરવા જઈ રહ્યાં છો તે સનાતમ ધર્મની વિરૂદ્ધ છે. રામેશ્વર બાપુએ જણાવ્યું કે ચેતી જાવ, પાછા વળી જાવ સનાતન ધર્મ આદીઅનાદી છે.

### વિધાનસભાની ચૂંટણીના ખર્ચ પર હવે કડક નજર

# ઉમેદવારે ચૂંટણી ખર્ચનો હિસાબ ઓનલાઈન આપવો પડશે

### કેન્દ્રીય ચૂંટણી પંચ કેન્ડીડેટ એક્સપેન્ડીચર મોનિટરિંગ સિસ્ટમ બનાવી રહ્યું છે, તેમાં એક સોફ્ટવેર હશે

નવી દિલ્હી, તા.૩૧

વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોએ કરેલા ખર્ચ પર હવે વધુ કડક નજર રાખવામાં આવશે. આ માટે કેન્દ્રીય ચૂંટણી પંચ કેન્ડીડેટ એક્સપેન્ડીચર મોનિટરિંગ સિસ્ટમ બનાવી રહ્યું છે. તેમાં એક સોફ્ટવેર હશે. આ સોફ્ટવેર તૈયાર કરવાની જવાબદારી બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીને આપવામાં આવી છે જ્યાં તાજેતરની વિધાનસભાની ચૂંટણીમાં મળેલા અનુભવોના આધારે સોફ્ટવેરને સારું બનાવી શકાય છે, તેથી આ કામ બંગાળને સોંપવામાં આવ્યું છે. સોફ્ટવેરમાં તમામ પ્રકારની માહિતી માટે કોલમ હશે. અત્યાર સુધી ઉમેદવારો હાર્ડ કોપીમાં વિગતો જિલ્લા ચૂંટણી અધિકારીને આપતા હતા. કેન્દ્રીય ચૂંટણી પંચે મધ્યપ્રદેશ ઉપરાંત છત્તીસગઢ, રાજસ્થાન, તેલંગાણા અને મિઝોરમમાં આ વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં તેને લાગુ કરવાની તૈયારી કરી લીધી છે. ચૂંટણી પંચે હાલમાં જ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સાથે બેઠક યોજીને તૈયારીઓ કરવા સૂચના આપી છે. આ સોફ્ટવેરમાં ખર્ચના ૧૦ મુખ્ય હેડ હશે. જેમાં સ્ટાર પ્રચારકો વગર વાહનો, બુકે, ફર્નિચર, પોસ્ટર, ચા-પાણી, ઠંડા પીણા, સ્થળનું ભાડું, સુરક્ષા ખર્ચ વગેરેનો સમાવેશ કરવામાં આવશે. આ સિવાય સ્ટાર પ્રચારકના આગમન પર આ જ ખર્ચની અલગથી નોંધ કરવાની રહેશે. ખર્ચના અન્ય મોટા મુખ્ય ચૂંટણી પ્રચાર સામગ્રી અને જાહેર સભાઓ, મીડિયા પરનો ખર્ચ, ચૂંટણી પ્રચારમાં રોકાયેલા વાહનો પરનો ખર્ચ સામેલ હશે. સોફ્ટવેરમાં ગેરકાયદેસર ખર્ચની કોલમ પણ હશે. ઉદાહરણ તરીકે, જો ઉમેદવારે દારૂ અથવા રોકડનું વિતરણ કર્યું હોવાની પુષ્ટિ થાય, તો તે જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા આ ગેરકાયદેસર ખાતામાં નોંધવામાં આવશે. આ સિસ્ટમનો સૌથી મોટો ફાયદો એ થશે કે દરેક ઉમેદવારના દરરોજના કાયદેસર-ગેરકાયદેસર ખર્ચનું ડેશબોર્ડ તૈયાર કરવામાં આવશે. જિલ્લા ચૂંટણી અધિકારીથી લઈને કેન્દ્રીય ચૂંટણી પંચના સ્તર સુધી તેનું મોનિટરિંગ કરવામાં આવશે.

# વર્ષની અંદર ડેન્ગ્યુની રસી લોન્ચ કરાશે : સાયરસ પૂનાવાલા

### આ નવી રસીની આફ્રિકન દેશો અને ભારતમાં ખૂબ જ જરૂર છે, કારણ કે દર વર્ષે લાખો લોકો આ રોગથી પીડિત થઈ રહ્યા છે

નવી દિલ્હી, તા.૩૧

વિશ્વની સૌથી મોટી વેક્સિન બનાવતી કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટે ડેન્ગ્યુને લઈને મોટા સમાચાર આપ્યા છે. કંપનીના ચેરમેન સાયરસ પૂનાવાલાએ જાહેરાત કરી હતી કે કંપની એક વર્ષની અંદર ડેન્ગ્યુની રસી લોન્ચ કરશે. પૂનાવાલાએ કહ્યું, આ નવી રસીની આફ્રિકન દેશો અને ભારતમાં ખૂબ જ જરૂર છે, કારણ કે દર વર્ષે લાખો લોકો આ રોગથી પીડિત થઈ રહ્યા છે. સાયરસ પૂનાવાલાએ કહ્યું કે એક વર્ષની અંદર, અમે ડેન્ગ્યુની સારવાર અને રસી વિકસાવીશું. સીરમ ઈન્સ્ટિટ્યૂટ લાંબા સમયથી ડેન્ગ્યુની રસી પર કામ કરી રહી છે અને તેનાથી સંબંધિત ઘણા ટ્રાયલ થઈ ચૂક્યા છે. પૂનાવાલે કહ્યું કે ડેન્ગ્યુની જે રસી વિકસાવવામાં આવી રહી છે તે આ વાયરસના ચારેય સ્ટ્રેન પર અસરકારક રહેશે.

ખરેખર તો આ રોગના ચાર સ્ટ્રેન હોવાને લીધે તેની રસી વિકસાવવામાં સમય લાગી રહ્યો છે. જો વાયરસનો એક જ સ્ટ્રેન હોત તો રસી વિકસાવવી સરળ હોત. તાજેતરમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટના અહેવાલમાં નિષ્કર્ષ મળ્યું કે પુખ્ત વયના લોકોમાં ડેન્ગ્યુની રસીનો એક ડૉઝ સલામત અને સસ્તુ હતું. તેને વધુ અસરકારક બનાવવા માટે સતત કામ કરવામાં આવી રહ્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડેટા અનુસાર, સમગ્ર વિશ્વમાં દર વર્ષે ડેન્ગ્યુના ૧૦ કરોડથી વધુ કેસ નોંધાય છે અને આમાં મોટી સંખ્યામાં દર્દીઓ આફ્રિકા અને એશિયાના દેશોના છે. ભારતમાં દર વરસાદની ઋતુમાં ડેન્ગ્યુના કેસોમાં વધારો જોવા મળે છે. પુણે સ્થિત સીરમ ઈન્સ્ટિટ્યૂટે અમેરિકા સ્થિત બાયોટેકનોલોજી કંપની વિસ્ટેરા સાથે આ રસી વિકસાવવા માટે ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજી માટે કરાર કર્યો છે. રસીની ક્લિનિકલ ટ્રાયલ પૂર્ણ થયા બાદ તેને શક્ય તેટલી વહેલી તકે બજારમાં લાવવાના પ્રયાસો કરવામાં આવશે. કંપનીના સૂત્રોએ જણાવ્યું હતું કે બજારમાં રસી લાવવા માટે ટૂંક સમયમાં પગલાં લેવામાં આવી શકે છે. દેશમાં દવાના વિતરણ માટે ડ્રગ રેગ્યુલેટર અને અન્ય સરકારી વિભાગો પાસેથી ફાસ્ટ ટ્રેક મંજૂરી મેળવવાના પ્રયાસો પણ કરવામાં આવશે.

### ૧૭ સપ્ટેમ્બરે મોદી તેમના જન્મદિને મહત્વપૂર્ણ યોજના અમલમાં મૂકશે

# ૧૮ પ્રકારના કારીગરોને તાલીમબદ્ધ કરી ૩ લાખ સુધીની લોન અપાશે

### પીએમ વિકાસ યોજના અંતર્ગત કુટુંબ દીઠ એક વ્યક્તિને તેનો લાભ મળશે, સુથાર, બોટ-નાવડી બનાવનાર, કુંભાર સહિતના કારીગરોનો સમાવેશ

નવી દિલ્હી, તા.૩૧

વડાપ્રધાન મોદી આગામી ૧૭ સપ્ટેમ્બરના રોજ તેમના જન્મદિને કેન્દ્ર સરકારની એક મહત્વપૂર્ણ યોજના અમલમાં મૂકવા જઈ રહ્યા છે. પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજના થકી શહેરી અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોના નાના કારીગરોને નાણાકીય સમાવેશન દ્વારા અર્થવ્યવસ્થામાં જોડવાનું ભગીરથ કાર્ય થવાનું છે. આ યોજનામાં ૧૮ પ્રકારના કારીગરોને આવરી લઈ તેને તાલીમબદ્ધ કરી ૩ લાખ સુધીની લોન આપવાનું આયોજન છે. પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજનાને મિતાક્ષરમાં પીએમ વિકાસ નામ આપવામાં આવ્યું છે. જેમાં ૧૮ પ્રકારના કારીગરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સુથાર, બોટ-નાવડી બનાવનાર, સરાણિયા (બખ્તર-ચપ્પુ બનાવનાર), લુહાર, હથોડી અને ટૂલકિટ નિર્માતા,તાળાના કારીગર, કુંભાર, શિલ્પકાર, મોચી, કડિયા, વાળંદ, ટોપલી ટોપલા કે સાવરણીના કારીગર, દરજી, ધોબી, માળી, માછલી પકડવાની જાળી બનાવનારા, પરંપરાગત રમકડાના કારીગર ઉપરાંત સુવર્ણકામ કરનારા કારીગરોને તેમાં આવરી લેવામાં આવ્યા છે. પીએમ વિકાસ યોજનાની ટૂંકી વિગતો જોઈએ તો કુટુંબ દીઠ એક વ્યક્તિને તેનો લાભ મળશે. લાભાર્થીની લઘુત્તમ ઉંમર ૧૮ વર્ષ કરતા વધુ ન હોવી જોઈએ. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સ્વરોજગાર, વ્યવસાયિક વિકાસ માટે ધિરાણ છે પીએમઈજીપી કે પીએમ સ્વનિધિ જેવી યોજનાનો લાભ ન લીધો હોવો જોઈએ.

મુદ્રા અને સ્વનિધિના લાભાર્થીઓ કે જેમણે તેમની લોનની ચૂકવણી કરી દીધી હોય તેને લાભ મળશે. સરકારી નોકરી કરતી વ્યક્તિના પરિવારને લાભ નહી મળે. આ યોજનામાં કેવી રીતે નોંધણી થશે ? આધાર અધિકૃત વેબ પોર્ટલ ઉપર લાભાર્થીઓની નોંધણી કરવામાં આવશે. આ ઉપરાંત કોમન સર્વિસ સેન્ટરમાં પણ આધાર કાર્ડ, રાશનકાર્ડના પુરાવા સાથે નોંધણી કરાવી શકાશે.

ગ્રામીણ વિસ્તારોના કારીગરો માટે તેમના ધંધાના વ્યાપ વધારવા માટે મહત્વપૂર્ણ સાબિત થનારી આ યોજના હેઠળ નોંધણી થયા બાદ પીએમ વિશ્વકર્મા સર્ટિફિકેટ અને આઈડી કાર્ડ આપવામાં આવશે. કૌશલ્ય ચકાસણી પછી ૧૫ હજારની ટૂલકિટનો લાભ આપવામાં આવશે. બેઝીક અને એડવાન્સ તાલીમ દરમિયાન ૫૦૦નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. તાલીમ બાદ એક લાખની કોઈ પણ જામીનગીરી વિનાની લોન આપવામાં આવશે. તે લોન સમયસર ચૂકવવામાં આવે તો વધુ બે લાખની લોનની સવલત કરી આપવામાં આવશે. વડાપ્રધાન મોદી આગામી ૧૭મીના રોજ આ યોજનાનો પ્રારંભ કરાવવાના છે. વડોદરા ઉપરાંત અમદાવાદ, સુરત અને રાજકોટ ખાતે આ માટેના કાર્યક્રમ યોજાશે.

### કેન્દ્ર સરકારનો ચોંકાવનારો નિર્ણય

# ૧૮થી ૨૨ સપ્ટેમ્બરે સંસદનું વિશેષ સત્ર યોજાશે, આમાં ૫ બેઠકો થશે

### ૧૭મી લોકસભાનું ૧૩મું સત્ર, રાજ્યસભાનું ૨૬૧મું સત્ર

નવી દિલ્હી, તા.૩૧

એક ચોંકાવનારા નિર્ણયમાં કેન્દ્ર સરકારે સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે. આ સત્ર ૧૮ થી ૨૨ સપ્ટેમ્બર સુધી ચાલશે. કહેવામાં આવી રહ્યું છે કે આમાં ૫ બેઠકો થશે. આ ૧૭મી લોકસભાનું ૧૩મું સત્ર અને રાજ્યસભાનું ૨૬૧મું સત્ર હશે. મંત્રી પ્રહલાદ જોશીએ આ વિશેષ સત્રની જાણકારી આપી હતી.

બંધારણના અનુચ્છેદ ૮૫માં સંસદનું સત્ર બોલાવવાની જોગવાઈ છે. આ અંતર્ગત સરકારને સંસદના સત્ર બોલાવવાનો અધિકાર છે. સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ એવા નિર્ણયો લે છે જે રાષ્ટ્રપતિ દ્વારા ઔપચારિક કરવામાં આવે છે, જેના દ્વારા સાંસદોને આ વિશેષ સત્રમાં બોલાવવામાં આવે છે. વિશેષ સત્ર નવી સંસદમાં યોજાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ સત્રમાં ૧૦થી વધુ મહત્વપૂર્ણ બિલો રજૂ કરવામાં આવશે. પ્રહલાદ જોશીએ પોતાના એક્સ (ટ્વિટર) પર લખ્યું હતું કે તેઓ સંસદમાં અર્થપૂર્ણ ચર્ચાની રાહ જોઈ રહ્યા છે.

અગાઉ સંસદનું ચોમાસુ સત્ર ૨૦મી જુલાઈથી ૧૧મી ઓગસ્ટ સુધી ચાલતું હતું. મણિપુરમાં હિંસા અંગે સત્રમાં ભારે હોબાળો થયો હતો. વિપક્ષ મણિપુર પર પીએમના નિવેદન પર ચર્ચા કરવા પર અડગ રહ્યા હતા, જ્યારે સરકાર ગૃહ મંત્રીએ જવાબ સાથે ચર્ચા કરવા આગ્રહ કર્યો હતો. આ અંગે સરકાર અને વિપક્ષ વચ્ચે ઉગ્ર મડાગાંઠ સર્જાઈ હતી. આ પછી કોંગ્રેસે મણિપુર મુદ્દે લોકસભામાં કેન્દ્ર સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવ્યો હતો. આ દરમિયાન રાહુલ ગાંધીએ મણિપુરમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કરીને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપ્યો હતો. આ સાથે વિપક્ષનો પ્રસ્તાવ રદ કરવામાં આવ્યો હતો.

# ભારતીય મૂળના તનવીર સંઘા ઓસી. વર્લ્ડકપ ટીમમાં સામેલ

### તનવીરે તેની ડેબ્યુ મેચમાં દ. આફ્રિકા સામેની ટી૨૦માં ચાર ઓવરમાં માત્ર ૩૧ રન આપીને ૪ વિકેટ ઝડપી

ડરબન, તા.૩૧

વર્લ્ડ કપ ૨૦૨૩ માટે તમામ ટીમોએ પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભારત-પાકિસ્તાનની ટીમો એશિયા કપ જેવી મોટી ટુર્નામેન્ટ રમી રહી છે. તે જ સમયે દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૩ મેચની ટી૨૦ સિરીઝ રમાઈ રહી છે. આ સિરીઝની પ્રથમ મેચ ગઈકાલે ડરબનમાં રમાઈ હતી. આ મેચમાં ઓસ્ટ્રેલિયાની ટીમે દક્ષિણ આફ્રિકાને હરાવ્યું હતું. ઓસ્ટ્રેલિયાની જીતનો હીરો ભારતીય મૂળનો ઓસ્ટ્રેલિયન ખેલાડી હતો. આ ખેલાડીએ પોતાની ડેબ્યુ મેચમાં જ બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે.

ઓસ્ટ્રેલિયાની ટીમે સિરીઝની પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકાને ૧૧૧ રને હરાવ્યું હતું. આ મેચમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા યજમાન ટીમને ૨૨૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. આ પછી આફ્રિકાની ટીમ માત્ર ૧૧૫ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી તનવીર સંઘાએ સૌથી વધુ વિકેટ લીધી હતી. તનવીર સંઘાનો પંજાબ સાથે ખૂબ જ ખાસ સંબંધ છે. ૨૧ વર્ષીય તનવીર સંઘાનો જન્મ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં થયો હતો. પરંતુ તનવીરના પિતા જોગા સંઘા ભારતના રહેવાસી છે. તે પંજાબના રહીમપુર ગામના રહેવાસી છે. તેથી આ રીતે તનવીરનું ભારત સાથે ખુબ જ ખાસ કનેક્શન છે. તનવીરના પિતાએ વર્ષ ૧૯૯૭માં ભારત છોડી દીધું હતું, ત્યારથી તેઓ ઓસ્ટ્રેલિયામાં જ રહે છે. તનવીર સંઘા પણ સમયાંતરે ભારત આવતા રહે છે.

ઓસ્ટ્રેલિયાની ટીમના ઘણા ખેલાડીઓ હાલમાં ઈજાગ્રસ્ત છે. આવી સ્થિતિમાં તનવીર સંઘાને દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટી૨૦ મેચમાં ડેબ્યૂ કરવાની તક મળી હતી. આ તકનો ફાયદો ઉઠાવતા તેણે ચાર ઓવરમાં માત્ર ૩૧ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. તેણે એઈડન માર્કરમ, ડેવાલ્ડ બ્રેવિસ, ટ્રીસ્ટન સ્ટબ્સ અને માર્કો જેન્સન જેવા ખેલાડીઓને પોતાનો શિકાર બનાવ્યો હતો. તનવીર સંઘા ભારતમાં યોજાનારા વર્લ્ડ કપમાં રમતા જોવા મળી શકે છે. તેને વર્લ્ડ કપ માટે ઓસ્ટ્રેલિયાની ૧૮ સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

### કલમ ૩૭૦ હટાવવા સામેની અરજીઓ પર સુનાવણી

# જમ્મુ-કાશ્મીરમાં ટૂંકમાં ચૂંટણી, આતંકની ઘટનામાં ૪૫ ટકાનો ઘટાડો

### સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકાર વતી હાજર થતાં સોલિસિટર જનરલે કહ્યું, ઘૂસણખોરીમાં પણ ઘટાડો થયો છે

નવી દિલ્હી, તા.૩૧

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા વિરુદ્ધ દાખલ અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શરૂ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકાર વતી હાજર થતાં સોલિસિટર જનરલે કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં ટૂંક સમયમાં ચૂંટણી યોજાશે. તેમણે કહ્યું, કલમ ૩૭૦ હટાવ્યા બાદથી રાજ્યમાં આતંકવાદી ઘટનાઓમાં ૪૫ ટકાનો ઘટાડો થયો છે. ઘૂસણખોરીમાં પણ ઘટાડો થયો છે. સુરક્ષા દળોને થતા નુકસાનમાં ૯૦ ટકાનો ઘટાડો થયો છે. સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલે જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો ક્યારે આપવામાં આવશે તે પ્રશ્નનો પણ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો ક્યારે મળશે તે હજુ સ્પષ્ટ નથી. આમાં થોડો સમય લાગી શકે છે. તેમણે કહ્યું કે રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. કલમ ૩૭૦ હટાવ્યા બાદથી જમ્મુ-કાશ્મીરના અર્થતંત્રમાં સુધારો થયો છે. સુનાવણી દરમિયાન બેન્ચે તુષાર મહેતાને પૂછ્યું કે શું તમે કોઈ રાજ્યને કેન્દ્રશાસિત પ્રદેશમાં બદલી શકો છો? અને શું કોઈ કેન્દ્રશાસિત પ્રદેશને રાજ્યથી અલગ કરી શકાય? આ ઉપરાંત ચૂંટણી ક્યારે યોજાઈ શકે? આનો અંત આવવો જોઈએ. કોર્ટે કહ્યું કે, અમને જણાવો કે તમે જમ્મુ-કાશ્મીરમાં લોકતંત્ર ક્યારે પુનઃસ્થાપિત કરશો. અને આ માટે તમને કેટલો સમય લાગશે. અમે આને રેકોર્ડમાં મૂકવા માંગીએ છીએ.

# અમરેલીનાં ફતેપુર ખાતે સાળંગપુરથી પધારેલ રથનું અભિવાદન થયું



તા. ૨૯/૮/૨૩નાં રોજ ભોજલધામ ભોજાભગતની જગ્યા ફતેપુરમાં પધારેલ શતામૃત મહોત્સવ રથનું ઉમળકા સાથે અભિવાદન કરવામાં આવેલું. લેઉવા પટેલ સમાજનાં આસ્થાના પ્રતિક સમાન અને સનાતન ધર્મનાં ભોજલરામ મંદિરનાં પટરાંગણમાં મહંતશ્રી ભકિતરામબાપુ તથા લેઉવા પટેલ સમાજના પ્રમુખ દિનેશભાઈ ભુવા ધ્વારા પુષ્પવર્ષા કરી પુષ્પહારથી સ્વાગત કરી રથમાં બિરાજમાન શ્રી હનુમાનદાદાની આરતી કરવામાં આવેલી. આ તકે રથનું સ્વાગત સમગ્ર ફતેપુર ગામવાસીઓ ધ્વારા રથના સામૈયા કરી રથને ભોજલધામ ખાતે લાવ્યા હતા. ત્યારે સરપંચ જગદીશભાઈ પરમાર, રામજી મંદિરના પુજારી બાલારામબાપુ તેમજ ભુપતભાઈ સાવલીયા, ભરતભાઈ સાવલીયા, રામભાઈ ડાબસરા, હરીભાઈ કાનપરીયા, પ્રાગજીભાઈ કાનપરીયા, ભરતભાઈ કાનપરીયા તેમજ કાનપરીયા પરિવાર, રાઠોડ પરિવાર, સોલંકી પરિવાર, વડેચા પરિવાર અને મોટી સંખ્યામાં ફતેપુરના ભાવુક ભકતજનો ભાઈઓ–બહેનો હાજર રહીને શ્રી હનુમાનજીદાદાની આરતી ઉતારી રથની ફરતા રાસ–ગરબા લેવામાં આવેલા. આ તકે અમરેલીથી લાયન્સ કલબના પ્રમુખ કૌશિકભાઈ હપાણી, રજનીભાઈ ધોરાજીયા, રાજુભાઈ વિઠ્ઠલાણી, જીતુભાઈ સોંડાગર, હિરપરાભાઈ ખાસ હાજર રહેલા. જયારે લેઉવા પટેલ સમાજનાં મંત્રી જે.ડી. સાવલીયા, ઘનશ્યામભાઈ સોરઠીયા, ગોપાલભાઈ કચ્છી, સંજયભાઈ રામાણી, અરજણભાઈ કોરાટ, ભીખુભાઈ કાબરીયા, નિલેષભાઈ મુલાણી, ઉમેશભાઈ, જયેશભાઈ, સાવનભાઈ, ગૌરવભાઈ, વાટલીયા, કિકાણી, સાવલીયા તેમજ કારોબારીનાં સભ્યો અને મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા નીખીલભાઈ સાવલીયા, ભાવીકભાઈ, ભુપેન્દ્રભાઈ, અવસરભાઈ, અમીતભાઈ, સંજયભાઈ નીમાવત તેમજ ગામનાં આગેવાનો જોડાયા હતા. કાર્યક્રમનું આયોજન ભુપતભાઈ ભુવાના માર્ગદર્શનથી થયેલું હતું. તેવું ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટનાં મે. ટ્રસ્ટી જગદીશભાઈ સાવલીયાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

### લાયન્સ કલબ ઓફ અમરેલી દ્વારા

## અમરેલીનાં બ્રહ્માકુમારીઝ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ

### લાયન્સ કલબનાં પ્રમુખ સહિતનાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં

અમરેલી, તા. ૩૧

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ. બ્રહ્માકુમારીઝ ગીતાબેન દ્વારા સર્વ લાયન્સ સદસ્યોને રક્ષા બાંધી હતી. તિલક કરાયા તથા કિંજલબેન દ્વારા રાખીનું મહત્વ સમજાવેલ અને વ્યસન મુકિતનો સંદેશો આપેલ. સાંસ્કૃતિક કાર્યક્રમ સ્વાગત ગીત દ્વારા થયેલ તેમજ અન્ય કાર્યક્રમ થયેલ.



આ તકે લાયન્સ કલબનાં પ્રમુખ કૌશિક હપાણી, ખજાનચી રજનીકાંત ધોરાજીયા, કાંતિભાઈ વઘાસીયા, દિનેશભાઈ ભુવા, રાજુભાઈ પરિખ, નનુભાઈ તળાવીયા, જે.ડી. સાવલીયા, નિલેશભાઈ ઠુમ્મર, શિવલાલ હપાણી, બકુલ ભટ્ટ, ઘનશ્યામભાઈ હપાણી, હર્ષદ વઘાસીસયા, દિનેશભાઈ હીરપરા, જતીન સુખડીયા, રાજુભાઈ ઝાલાવાડીયા, જગદીશભાઈ ધરજીયા, જીતુભાઈ સોંડાગર, હરેશભાઈ ધોરાજીયા, નિતેષભાઈ હીરપરા તેમજ અન્ય સદસ્યઓ ફેમીલી સાથે કેન્દ્ર ખાતે રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરાઈ હતી. તેમ કલબની યાદીમાં રાજુભાઈ પરિખ જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું

### હજારો ગરીબ પરિવારો

લાભાર્થીઓને મળવાપાત્ર અનાજ, ખાંડ, તેલ, દાળ, ચણાનાં જથ્થાનું વિતરણ ન કરવા માટે અગાઉથી જ આવેદનપત્ર સરકારને આપવામાં આવ્યું હતું. જે મુજબ આવતીકાલ તા. ૧ થી અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતનાં વ્યાજબી ભાવનાં દુકાનદારો અસહકાર આંદોલનની શરૂઆત કરશે.

આ બાબતમાં ખરેખર વ્યાજબી ભાવનાં દુકાનદારો નજીવા કમિશનથી મખૂબ જ પરેશાન છે જે ઓવામાં ઓછું રૂા. ૨૦ હજાર કમિશન કરવાની વાત છે. દુકાનદારને પોતાની દુકાને કામ કરતાં તોલાટ અને કોમ્પ્યુટર ઓપરેટરને પગાર ઉપરાંત દુકાન ભાડુ, લાઈટ બીલ જેવા અનેક ખર્ચાઓ થતાં હોય છે. રાજય સરકાર ધ્વારા ખરેખર તો જનકલ્યાણકારી યોજનામાં કામ કરતાં તમામ દુકાનદારો પોષણક્ષમ બને અને લાભાર્થીઓને તમામ મળવાપાત્ર જથ્થો સમયસર મળે તે માટે જરૂરી તમામ માંગણીઓ પ્રત્યે સકારાત્મકતા રાખી દુકાનદારોને પણ સુરક્ષા આપવી જોઈએ તેવી પણ માંગણી ઉભી થવા પામી છે.

## પીસીપી એન.ડી.ટી. એકટ–૧૯૯૪ અન્વયે જિલ્લાકક્ષાની એડવાઈઝરી કમિટિની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા ખાતે પીસીપી એન.ડી.ટી. એકટ–૧૯૯૪ અન્વયે જિલ્લાકક્ષાની એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જોષીનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ બેઠકમાં ડિસ્ટ્રીક એડવાઈઝરી કમિટિની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. પીસીપી એન.ડી.ટી.એકટ અન્વયે આવેલી નોટિફિકેશન, ચુકાદાઓ અને પરિપત્રોનું વંચાણ કરવામાં આવ્યું હતું અને તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. ગેરકાયદેસર રીતે ગર્ભ પરિક્ષણ કરાવવું તે કાયદાકીય દ્રષ્ટિએ ગુનો છે. પી.સી.પી.એન.ડી.ટી. એકટ અંતર્ગત જિલ્લાનાં તમામ વિસ્તારોમાં અગાઉ રજીસ્ટર્ડ હોય તેવી હોસ્પિટલ, કિલીનીક, સંસ્થાઓ માટે ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવા બાબતે જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું હતું. બેટી બચાઓ બેટી પઢાઓ અભિયાન અંતર્ગત જિલ્લામાં જાગૃતિ વધારવામાં આવી રહી છે. અને તે વિષયક વિવિધ પ્રવૃતિઓનું આયોજન પણ કરવામાં આવી રહયું છે. બેઠકમાં જિલ્લાકક્ષાની એડવાઈઝરી કમિટીનાં તમામ સભ્યો ઉપસ્થિત રહયા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

### ચોરી કરનાર ટોળકીને ઝડપી લેવામાં આવી

શોરૂમમાં પ્રવેશ કરી ઓફિસમાં આવેલ ટેબલ/કબાટના તાળા–નકુચાઓ તોડી રોકડ રકમની ચોરી કરતા અને કોઈ ચોકીદાર કે સિકયુરીટી ગાર્ડ હોય તો તેને બંધક બનાવી, રીઢા ટોળકીનાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના છરછોડા ગામે રહેતા કમલેશ તેરીંગ ખરાડ, શૈલેષ નાનસીંગ ખરાડ, બચુ માલાભાઈ ખરાડ, કમલેશ મડીયાભાઈ ભાંભોર તથા મુકેશ નારૂ ગણાવા નામના તમામ સાગરીતોએ એકબીજા સાથે મળી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા અને પોતાના આર્થિક ફાયદા સારૂ કુલ ૨૩ ઘરફોડ ચોરીના ગુનાઓને અંજામ આપેલ હોય. અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પટેલની રાહબરી હેઠળ અમરેલી એલસીબી પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.બી. ગોહિલે આ ટોળકીનાં તમામ સાગરીતો વિરૂધ્ધ ગેંગ કેસ અન્વયે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી કાર્યવાહી કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

### લીલીયાનાં સનાળીયા ગામનાં સરપંચ

પોપટભાઈ બોળીયા, ભદ્રેશભાઈ ગેલાભાઈ બોળીયા, વિજયભાઈ અશોકભાઈ બોળીયા તથા પરેશભાઈ ગોબરભાઈ બોળીયા (રે. તમામ સનાળીયા) વાળાએ લાકડી તથા કુહાડી લઈ બોલેરો ફોરવ્હીલમાં આવી તમામે આરોપીએ સરપંચને બિભત્સ શબ્દોમાં બેફામ ગાળો આપી સરપંચ ઉપર બોલેરો ગાડી ચડાવી એકિસડંટ કરી નાખવાની ધમકી તથા જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ લીલીયા પોલીસમાં નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

### અદાણી ગ્રૃપ સામે ગંભીર આક્ષેપ

હતું તેમાં મોરેશિયસમાં સંચાલિત ઓપેક ઈન્વેસ્ટમેન્ટ ફંડ દ્વારા કરોડો ડૉલરનું સીધું રોકાણ કરવામાં આવ્યું હતું. બે કેસમાં તો અદાણી સ્ટોક ધરાવતા પ્રતિનિધિઓનું રોકાણ ૪૩૦ મિલિયન ડૉલરને આંબી ગયું હતું. આ રહસ્યમય રોકાણકારોના અદાણી ગ્રૂપ સાથે સંબંધોનો ખુલાસો થયો છે. તેમાં નાસ્સેર અલી શાહબાન આહલી તથા ચાંગ ચુંગ લિંગનું નામ સામે આવ્યું છે. આ બંને લોકો અદાણી ગ્રૂપના લાંબ સમય સુધી શેરહોલ્ડર, ડિરેકટર્સ રહ્યા છે અને અદાણી પરિવારના વરિષ્ઠ સભ્યો સાથે તેમના ઘનિષ્ઠ સંબંધો પણ રહ્યા છે. જેમાં વિનોદ અદાણીનું નામ સામેલ છે.

દસ્તાવેજોમાં જાણ થઈ કે મોરેશિયસના ફંડે ઓફશોર સ્ટ્રક્ચરના માધ્યમથી અદાણીના સ્ટોકમાં વર્ષ દરમિયાન ખરીદ-વેચાણ કર્યું હતું. તેમાં ઘણો નફો કર્યો હતો. આ સાથે જ ઈન્વેસ્ટમેન્ટ બદલ મેનેજમેન્ટ કંપનીના ઈન્ચાર્જે વિનોદ અદાણીને ચૂકવણી પણ કરી હતી. ભારતીય શેરમાર્કેટના નિષ્ણાત અને પારદર્શકતાના હિમાયતી વ્યક્તિનું કહેવું છે કે જ્યારે કંપની દ્વારા પોતાના જ ૭૫ ટકા શેર ખરીદી લેવામાં આવે તો તે ફક્ત ગેરકાયદે જ નથી હોતું પરંતુ તેને શેરની કિંમતોમાં કરાયેલું મેન્યુપ્યુલેશન એટલે કે ગેરરીતિ પણ કહેવાય છે. આ કૃત્રિમ રીતે શેરોના ભાવમાં હેર ફેર ગણાય.

હડેનબર્ગના આરોપોની તપાસ મામલે સેબીએ તપાસ હાથ ધરી હતી. તેણે આશંકા હતી કે અદાણી ગ્રૂપમાં તમામ સાચા પબ્લિક શેરહોલ્ડર્સ નથી અને તેમાં પ્રમોટર્સની ભૂમિકા સામે આવી રહી હતી. ૨૦૨૦માં આ મામલે પણ તપાસ થઈ હતી જેમાં ૧૩ વિદેશી ફર્મને આવરી લેવાઈ હતી જે અદાણીના સ્ટૉકમાં હિસ્સો ધરાવતી હતી. પરંતુ સેબીઆ મામલે કોઈ નિષ્કર્ષ સુધી પહોંચી ના શકી. તે જાણી જ ના શકી કે આ પૈસા પાછળ કોનો હાથ હતો.

ઓસીસીઆરપીના અહેવાલ અનુસાર જે દસ્તાવેજો મળ્યા છે તેમાં જાણ થઈ કે ઈમરજિંગ ઈન્ડિયા ફોકસ ફંડ (ઈઆઈએફએફ) અને ઈએમ રિસર્જન્ટ ફંડ (ઈએમઆરએફ) કેટલાક ધનિક રોકાણકારો તરફથી ઓપરેટ કરવામાં આવી રહ્યા હતા. આ બંને ફંડ્સમાં બે મોટા વિદેશી રોકાણકારોએ પૈસા રોક્યા હતા. જેમાં તાઈવાનના ચાંગ અને સંયુક્ત અરબ અમીરાતના અહલીનો સમાવેશ થતો હતો. આ બે ફંડની મદદથી જ અદાણીની ચાર કંપનીઓમાં ૨૦૧૩થી ૨૦૧૮ વચ્ચે શેરોની ખરીદ-વેચાણની પ્રક્રિયાઓ કરવામાં આવી હતી. એક સમયે ૨૦૧૭માં અદાણી ગ્રૂપના સ્ટોકમાં ઈન્વેસ્ટમેન્ટની વેલ્યૂ ૪૩૦ મિલિયન ડૉલરને આંબી ગઈ હતી.

આ રિપોર્ટ બાદ સોશ્યલ મીડિયામાં નિષ્ણાતો દ્વારા ચર્ચા કરવામાં આવી રહી છે કે શું અદાણી પર લાગેલા આ આરોપોની સ્વતંત્ર રીતે તપાસ થશે કે પછી આ મામલો દબાઈ જશે.

બીજી બાજુ અદાણી ગ્રૂપ વતી કહેવામાં આવ્યું છે કે હિંડેનબર્ગના રિપોર્ટમાં પણ મોરેશિયસના ફંડનો ઉલ્લેખ કરાયો હતો. આરોપ ફક્ત પાયાવિહોણાં જ નહીં પણ ટકી શકે તેવા પણ નથી.

અહલી અને ચાંગને જ્યારે આ મામલ સંપર્ક સાધવામાં આવ્યો તો તેમણે કોઈપણ પ્રકારની ટિપ્પણી કરવાનો ઈનકાર કરી દીધો હતો. ચાંગે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે અદાણી સ્ટોકમાં ગુપ્ત ખરીદી વિશે તેને કોઈ જાણકારી નથી. તેણે પત્રકારને એટલું કહ્યું હતું કે શા માટે અન્ય રોકાણોમાં રસ દાખવવામાં આવી રહ્યો નથી. અમે એક સામાન્ય બિઝનેસ સાથે જોડાયેલા છીએ. વિનોદ અદાણીએ પણ આ મામલે કોઈ ટિપ્પણી નહોતી કરી. અદાણી ગ્રૂપ દ્વારા તેમની ભુમિકાને સતત નકારવામાં આવતી રહી છે. જોકે માર્ચમાં તેમણે સ્વીકાર્યું હતું કે તેઓ પ્રમોટર ગ્રૂપના સભ્ય હતા. એટલે કે તેનો અર્થ એ થયો કે તેઓ કંપનીની બાબતો પર નિયંત્રણ ધરાવતા હતા અને અદાણી ગ્રૂપની દરેક કંપની આ વાતથી વાકેફ હતી. જાન્યુઆરી મહિનામાં અમેરિકાની શોર્ટ સેલર ફર્મ હિંડેનબર્ગે પણ આવા જ આરોપો મૂક્યા હતા. હિંડેનબર્ગે કહ્યું હતુ કે અદાણી ગ્રૂપે શેલ કંપનીઓના માધ્યમથી શેરોમાં ગરબડ કરી છે. આ ઉપરાંત ઓડિટ અને લોન સહિત અનેક અન્ય મુદ્દાઓ પર સમૂહને ઘેર્યો હતો. અદાણી ગ્રૂપે હિંડેનબર્ગના દાવાઓને ભ્રામક અને પુરાવા વગરના ગણાવ્યા હતા અને કહ્યું કે અમે હંમેશા કાયદાનું પાલન કર્યું છે.

હિંડેનબર્ગ રિપોર્ટમાં મોરેશિયસનો ઉલ્લેખ કરાયો હતો. રિપોર્ટમાં આરોપ મૂકાયો હતો કે મોરેશિયસમાં આવેલી શેલ કંપનીઓની મદદથી અદાણી ગ્રૂપે તેના શેરોમાં હેરફેર કરી હતી. જોકે મોરેશિયસના નાણા સેવામંત્રીએ સંસદમાં કહ્યું હતું કે દેશમાં અદાણી ગ્રૂપની ફેક કંપનીઓ હાજર હોવાના આરોપ લગાવનાર હિંડેનબર્ગ રિપોર્ટ જુઠ્ઠો અને આધારહીન છે. જોકે હિંડેનબર્ગના રિપોર્ટને લીધે અદાણી સામ્રાજ્ય હચમચી ગયું હતું અને તેની માર્કેટ કેપ ૧૫૦ બિલિયન ડૉલર જેટલી ઘટી ગઈ હતી.

પાના ૮ ઉપરનું ચાલું

### સાળંગપુર ખાતે આવેલ હનુમાનજીની

હનુમાનજીદાદાની મૂર્તિ મુકવામાં આવી હતી. જે મુર્તિ જોવા અને દર્શન કરવા પણ મોટી સંખ્યામાં લોકો અહી આવે છે.

ત્યાર હનુમાનદાદાની આ વિશાલ મુર્તિની નીચે વિવિધ સ્વામિનારાયણ સંપ્રદાયના ના આરાધ્યના અલગ – અલગ દર્શનની ભીત ચિ્રો બનાવવા આવ્યા છે. જેમાં ભગવાન શિવનાં રૂદ્ર અવતાર હનુમાનજી દાદા તેમનાં આરાધ્યની વિવિધ સેવાઓ કરતા હોય તેવા ચિત્રો મુકવામાં આવતા સમગ્ર રાજયમાંથી સાધુ સંતો હિન્દુ સંગઠન કથાકારો તેમજ સનાતન ધર્મનાં લોકોની લાગણી દુભાય અને ભારે વિરોધ વ્યકત કરી ભીત ચિત્રો દુર કરવાની વ્યાપક માંગણી કરવામાં આવી રહી છે.

ત્યારે બાબરામાં સનાતન ધર્મનાં લોકો અને હિન્દુ સંગઠન લોકો દ્વારા ગજેન્દ્રભાઈ શેખવાની આગેવાની હેઠળ અહી પોલીસ સ્ટેશનમાં સ્વામિનારાયણ સંપ્રદાયનાં જવાબદાર વિરૂદ્ધ યોગ્ય તપાસ કરી જરૂર કાર્યવાહી કરી હનુમાનજીના અપમાન જનક ભીત ચિત્રો દુર કરવાની માંગણી કરી હતી.

ગજેન્દ્ર ભાઈ શેખવાએ ઉગ્ર રોષ વ્યકત કરી જણાવ્યું હતું કે આ સ્વામિનારાયણ સંપ્રદાયના લોકો દ્વારા અવાર–નવાર સનાતન ધર્મનું અપમાન કરવા આવી રહયું છે. જેને હિન્દુ સમાજ અને સનાતન ધર્મનાં લોકો કયારેય સાખી નહિ લે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા : લુહાર મરણ :** ગોબરભાઈ મોહનભાઈ ગોહિલ (ઉ.વ. ૯૦) વિનુભાઈ મનસુખભાઈ, સ્વ. હિંમતભાઈ તથા રમેશભાઈના પિતાનું તા. ૨૮/૮/૨૦૨૩ ને સોમવારનાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧/૮/૨૦૨૩ ને શુક્રવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે રઘુવંશી પર રામજી મંદિરની બાજુમાં 'ઈરકૃપા' સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા : વાળંદ મરણ :** સોલંકી ઉકાભાઈ દેવજીભાઈ (ઉ.વ. ૭૫) તે બાબુભાઈ તથા જીવનભાઈના ભાઈ અને શાંતિભાઈ લલિતભાઈ તથા મયુરભાઈના પિતાનું તા. ૩૦/૮/૨૩ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧/૮/૨૩ ને શુક્રવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રામજી મંદિરની બાજુમાં બાઢડા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા :** જયશ્રીબેન અલ્પેષભાઈ કારેલીયાનું તા. ૨૭/૮/૨૩ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧/૯/૨૩ ને શુક્રવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાન આર્શીવાદ બંગલો, પંચવટી સોસાયટી, મામલતદાર કચેરી સામે, મહુવા રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૪૮૦ | ૧૫૧૦ |
| ૨ | શિંગ મોટી નવી | ૧૨૩૧ | ૧૨૩૧ |
| ૩ | શિંગદાણા | ૧૫૩૫ | ૧૫૩૫ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૩૨૮૬ |
| ૫ | તલ કાળા | ૨૫૭૫ | ૩૨૨૦ |
| ૬ | બાજરો | ૨૫૦ | ૪૦૯ |
| ૭ | જુવાર | ૪૬૨ | ૧૦૬૮ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૫૦ | ૫૬૩ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૬ | ૫૩૬ |
| ૧૦ | મગ | ૧૧૭૦ | ૧૫૦૫ |
| ૧૧ | ચણા | ૮૩૦ | ૧૨૦૪ |
| ૧૨ | ચણા દેશી | ૧૦૮૧ | ૧૧૦૯ |
| ૧૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૯૧ |
| ૧૪ | નવો કપાસ | ૧૩૯૩ | ૧૫૪૭ |
| ૧૫ | એરંડા | ૧૦૫૦ | ૧૧૮૮ |
| ૧૬ | મેથી | ૯૦૦ | ૧૨૯૯ |
| ૧૭ | સોયાબીન | ૯૧૮ | ૯૪૨ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૨ | જુવાર પીળી | ૫૨૬ | ૫૨૬ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | – |
| ૨ | શીંગ નવી | ૧૦૦૦ | ૧૩૪૧ |
| ૩ | શીંગદાણા | ૧૧૦૦ | – |
| ૪ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૨૦૦ |
| ૫ | તલ કાળા | ૨૬૦૦ | ૩૧૬૦ |
| ૬ | કપાસ | ૧૦૦૦ | ૧૫૭૧ |
| ૭ | કપાસ નવો | ૧૦૦૦ | ૧૫૪૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૩૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૬૦ |
| ૧૦ | બાજરો | ૩૦૦ | ૩૮૪ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૨૧૧ |
| ૧૨ | એરંડી | ૧૦૦ | ૧૧૭૪ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૪ | ૧૬૧૬ |
| ૨ | ઘઉં | ૩૯૬ | ૫૧૪ |
| ૩ | ચણા | ૮૮૫ | ૧૦૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૩૧ | ૧૫૧૬ |
| ૨ | મગફળી | ૮૫૦ | ૧૨૦૨ |
| ૩ | ઘઉં | ૪૨૦ | ૪૯૯ |
| ૪ | ચણા | ૮૫૦ | ૧૦૯૦ |
| ૫ | તલ | ૩૦૪૦ | ૩૧૨૫ |
| ૬ | ધાણા | ૧૦૦૫ | ૧૦૫૫ |
| ૭ | શીંગ ફાડા | ૧૩૫૫ | ૧૩૫૫ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૭૫ |
| ૨ | ચણા | ૮૩૫ | ૧૧૯૧ |
| ૩ | તલ સફેદ | ૨૯૭૦ | ૩૧૫૫ |
| ૪ | રજકાબી | ૩૨૫૩ | ૩૨૫૩ |
| ૫ | સોયા | ૯૦૮ | ૯૩૪ |
| ૬ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૧૭ |
| ૭ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૮ | મગફળી | ૮૯૯ | ૮૯૯ |
| ૯ | ધાણા | ૧૦૫૫ | ૧૦૯૫ |
| ૧૦ | મકાઈ | ૪૦૦ | ૪૩૫ |
| ૧૧ | લસણ | ૧૧૬૫ | ૧૧૬૫ |
| ૧૨ | તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૧૩ | મગ | ૬૦૦ | ૬૦૦ |
| ૧૪ | એરંડી | ૯૨૫ | ૯૨૫ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૮૦ | ૧૦૮૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૨ | તલ સફેદ | ૩૦૮૩ | ૩૨૦૨ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૫૫૧ |
| ૪ | બાજરો | ૩૭૦ | ૪૩૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૦૧ |
| ૬ | જુવાર | ૭૦૦ | ૧૧૨૪ |
| ૭ | ચણા | ૮૪૦ | ૧૧૦૧ |
| ૮ | ચોળી | ૩૨૦ | ૩૨૦ |
| ૯ | સોયાબીન | ૯૧૧ | ૯૧૧ |

### લલ્લુભાઈ શેઠ સ્થાપિત સંસ્થામાં

# સા.કુંડલા ખાતે ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિએ મેઘાણી કથા યોજાઈ

### તમામ વિદ્યાર્થીઓ ઉત્સાહપુર્વક જોડાયા



સાવરકુંડલા, તા.૩૧

મુ.લલ્લુભાઈ શેઠ સ્થાપિત નૂતન કેળવણી મંડળ સંચાલિત વી. ડી. કાણકિયા આર્ટ્સ એન્ડ એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ તથા વી.ડી.ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિની ભવ્ય ઉજવણીના ભાગરૂપે તા.૨૮/૦૮/૨૦૨૩, સોમવારના રોજ તેમના જીવન - કથન સાહિત્ય પર આધારિત મેઘાણી કથાનુ ભવ્ય આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમના પ્રારંભમાં નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન કામદાર / ઘેલાણી, મેનેજીંગ ટ્રસ્ટી જયંતિભાઈ વાટલીયા, કાર્યક્રમના મુખ્ય વક્તા શાંતિભાઈ રાણીંગા ( નિવૃત પ્રોગ્રામ એકઝીક્યુટીવ,આકાશવાણી રેડિયો - રાજકોટ), પ્રતાપભાઈ ખુમાણ (સનરાઈઝ સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી), ઈન્દુબેન ભરતભાઈ શાહ, કુ.અવનીબેન શાહ (ઘેલાણી પરિવાર), પ્રો.ડી.એલ.ચાવડા પ્રિન્સીપાલ (ઘેલાણી મહિલા કોલેજ) દ્વારા દીપ પ્રાગટય કરી સરસ્વતી પૂજન કરવામાં આવ્યું હતું,ત્યારબાદ કોલેજના આચાર્ય પ્રિ.ડો.એસ.સી.રવિયા પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું અને ઉપસ્થિત તમામ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ.

આ કાર્યક્રમના મુખ્ય વક્તા શાંતિભાઈ રાણીંગાએ ઝવેરચંદ મેઘાણીના જીવન - કવન - સાહિત્ય પર પોતાનું મનનીય વ્યાખ્યાન ખૂબ જ રસપદ શૈલીમાં આપ્યું હતું તથા ઝવેરચંદ મેઘાણી રચનાઓનું રસપાન કરાવ્યું હતું. ઝવેરચંદ મેઘાણીની સાહિત્યયાત્રા અને તેમના જીવનની મહત્વની ઘટનાઓ પર તેમણે વિદ્યાર્થીઓને રસપડે તે રીતે પ્રકાશ પાડયો હતો.

આ કાર્યક્રમમાં નામાંકિત કલાકારો તથા વિદ્યાર્થીઓ દ્વારા ગીત સંગીત વૃંદ સાથે મેઘાણીજીની રચનાઓ અલ્ટ્રા સાઉન્ડ સીસ્ટમ સાથે રજુ કરેલ તેમજ કાર્યક્રમના અંતે સમૂહ ગરબાનું આયોજન કરેલ જેમાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક જોડાઈ કાર્યક્રમને આનંદ - ઉલ્લાસથી ભરેલો બનાવેલ.

# અમરેલી : ડો. જીવરાજ મહેતાની ૧૩૬મી જન્મજયંતિની વિદ્યાસભા શાળા પરિવાર દ્વારા ઉજવણી



અમરેલી, તા. ૩૧

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ તથા શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલનાં સંયુકત ઉપક્રમે ડો.જીવરાજ મહેતાની ૧૩૬મી જન્મ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. વિદ્યાસભા શાળા પરિવાર તથા આમંત્રિત મહેમાનો રાજકમલ ચોકમાં આવેલ ડો.જીવરાજ મહેતોની પ્રતિમાને સુતરની આટી તથા ફુલહાર અર્પી જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો. આ તકે નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, મનસુખભાઈ ધાનાણી, મંત્રી વિદ્યાસભા, ચતુરભાઈ ખુંટ, મંત્રી વિદ્યાસભા, વસંતભાઈ પેથાણી, ડાયરેકટ વિદ્યાસભા સ્કુલ તેમજ એમ.કે.સાવલીયા, ખોડાભાઈ સાવલીયા, ગોવિંદભાઈ ગોંડલીયા, રાજેશભાઈ ગઢીયા તથા શાળાનાં શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. ડો.જીવરાજ મહેતાનો જન્મ ૨૯ ઓગષ્ટ-૧૮૮૭ માં અમરેલીમાં થયો હતો. તેઓ સ્વાતંત્ર સેનાની અને રાજનિતિજ્ઞ હતા તેમનો ઉચ્ચ અભ્યાસ ગ્રાન્ટ મેડીકલ કોલેજ મુંબઈમાં કર્યો હતો. ૧૯૦૯ થી ૧૯૧૫ સુધી લંડનમાં ઈન્ડિયન સ્ટુડન્ટ એશોસિયેશનના પ્રમુખ રહયા હતા. ૧૯૧૪ માં એમ.ડી.ની પરીક્ષામાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો અને લંડનની રોયલ કોલેજ ઓફ ફીજિશિયનનાં સભ્ય બન્યા હતા. થોડો સમય મહાત્મા ગાંધીનાં અંગત ડોકટર તરીકેની સેવા આપી હતી. ગાંધીજી સાથે સત્યાગ્રહનાં આંદોલનમા જોડાતા ૧૯૩૮ થી ૧૯૪૨ સુધી જેલવાસ પણ ભોગવ્યો હતો. ૧૯૪૮ માં સ્વતંત્ર ભારતમાં તત્કાલીન વડોદરા રાજયનાં દિવાન તરીકે કાર્ય કર્યુ હતું. ૧૯૬૦માં ગુજરાત રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. શિક્ષણક્ષેત્રે અમરેલીમાં વિદ્યાસભા નામની સંસ્થાની સ્થાપના કરી હતી. જે આજે વટવૃક્ષ બની અમરેલી જિલ્લાનાં વિદ્યાર્થીઓ માટે શિક્ષણનું ધામ બની રહી છે. તેમનાં જન્મદિવસે સમગ્ર અમરેલી જિલ્લો હદયથી યાદ કરી રહયો છે. સંસ્થા પ્રમુખ વસંતભાઈ ગજેરા, મનસુખભાઈ ધાનાણી મંત્રી વિદ્યાસભા, ચતુરભાઈ ખુંટ- મંત્રી વિદ્યાસભા, વસંતભાઈ પેથાણી, ડાયરેકટર વિદ્યાસભા સ્કુલ તથા સ્ટાફગણે તેમનાં જન્મદિવસે તેમના જીવન અને કાર્યને યાદ કરી તેમાંથી પ્રેરણા લેવા સૌને અનુરોધ કર્યો હતો.

## સા.કુંડલાનાં શિક્ષકનાં કેમેરામાં સુપર બ્લ્યુ મુનની તસ્વીર કેદ થઈ



સાવરકુંડલા, તા. ૩૧

ગતરોજ રક્ષાબંધન જેવો ભાઈબહેનનાં અણીશુદ્ધ પ્રેમના પ્રતિક સમો તહેવાર ઉજવવામાં આવ્યો. આમ તો રક્ષાબંધન પર્વને શ્રાવણી પૂનમ કે નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે ચંદ્ર પૂર્ણ કળાએ ખીલેલો જોવા મળે છે.

આમ તો ચંદ્ર પણ હવે ભારતીય વિચારધારામાં કંઈ દૂર નથી. આપણું ચંદ્રયાન - ૩ એ ચંદ્ર પર સફળ ઉતરાણ કરીને ચંદ્રના અણઉકેલ રહસ્યોને પામવા આપણાં વૈજ્ઞાનિકો સતત મહેનત કરી રહ્યા છે. ત્યારે જિંદગીમાં ભાગ્યે જ જોવા મળતો સુપર મૂનનો નઝારો જે ગતરોજ જોવા મળેલ એ દ્રશ્ય ખરેખર અદ્ભૂત હતું. સાવરકુંડલા શહેરમાં શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા પિયુષભાઈ દવેએ પોતાના કેમેરામાં સુપર મૂનની તસવીર ખેંચી લીધી હતી. આમ તો પિયુષભાઈ પોતે વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેને માટે આ સુપર બ્લ્યુ મૂનની ઘટનાનું અલગ જ મહત્વ હોય છે. આમ સુપર બ્લ્યુ મૂનનો ફોટો તેના કેમેરામાં કલીક થયેલો જોવા મળે છે.

પિયુષભાઈ પોતે એક સારા ગાયક પણ છે અને અવારનવાર ગીત સંગીતની મહેફિલોમાં કેરાઓની તર્જપર અનેક કિશોરકુમાર, મહમદ રફી, મુકેશ અને લતાના સ્વરમાં પણ ગીતો ગાતા જોવા મળે છે. તેઓ મેલ અને ફિમેલ બંને વોઈસમાં હિંદી ફિલ્મના ગીતો ગાઈ શકે છે તે એમની ખાસ વિશિષ્ટતા ગણાય.

## સા.કુંડલા ખાતે વિદ્યાર્થીઓને માસિક સ્વચ્છતા અંગે માર્ગદર્શન અપાયું



સાવરકુંડલા, તા. ૩૧

પન્ના નાયક ફી પેડ અંતર્ગત સાવરકુંડલા શહેરમાં આવેલ શિક્ષણ, સંસ્કાર અને ચારિત્ર્યના ધામ સમા શ્રી સ્વામીનારાયણ ગુઢકુળ સંકુલ ખાતે અહીં આવેલ વિશાળ ઘેલાણી સભા ગૃહમાં માસિક સ્વચ્છતા જાગૃતિ અંગે માર્ગદર્શન આપતી શિબિર યોજાઈ હતી.

આ શિબિરમાં શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટી ચંદ્રિકાબેન કામદાર તેમના બહેન ઈન્દુબેન શાહ, ઈન્દુબેન શાહની સુપુત્રી અવની શાહ, અમી પોલીમર પ્રાઈવેટ લિમિટેડ મુંબઈના ડિરેકટર જિગીશાબેન ગાંધી તેમજ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત સંઘી ચોક ખાતે આવેલ હોસ્પિટલમાં હોમિયોપેથીક તબીબ તરીકે સેવારત ડો. અમી પાંધી ઉપસ્થિત રહીને આ શાળાની વિદ્યાર્થીનીઓને માસિક સ્વચ્છતા અને આરોગ્યની કાળજી રાખવા માટેનું સચોટ માર્ગદર્શન આપેલ. જિગીશાબેન ગાંધીએ પ્રોજેકટર દ્વારા આ અંગે વિશદ છણાવટ કરી હતી. તો ડો. અમી પાંધી દ્વારા પણ વિદ્યાર્થીનીઓના મૂંઝવતાં પ્રશ્નો સંદર્ભે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્યા અર્ચનાબેન કણકોટિયા તથા સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાની વિદ્યાર્થીનીઓએ ખૂબ જ ધ્યાનપૂર્વક વકતાઓને સાંભળ્યા હતાં. અને સંપૂર્ણ શિસ્ત અને શાંતિ જાળવી હતી. એકંદરે કાર્યક્રમ ખૂબ જ સફળ રહયો હતો.

### દેશભરમાં રક્ષાબંધન પર્વ આનંદ-ઉલ્લાસ,સ્નેહના તાંતણે ઉજવણી

# ભદ્રાદોષને ફગાવી રક્ષાબંધન પર્વ ઉજવતા દેશવાસીઓ : વિજ્ઞાન જાથા

### જયોતિષીઓના નકારાત્મક ફળકથનો હોળી કરતું જાથા



અમદાવાદ, તા.૩૧

દેશભરમાં રક્ષાબંધન પર્વ લોકોએ ભદ્રાવિષ્ટિ, ભદ્રાદોષને ફગાવી આનંદ, ઉલ્લાસ, પ્રેમ-સ્નેહના તાંતણે ઉજવણી કરી ત્યૌહાર-પર્વમાં અવરોધક જયોતિષીઓ, લેભાગુઓને આલબેલ આપી ચેતવણી જોવા મળી હતી. પર્વ નિમિતે સવારથી બહેનોએ ભાઈને રાખડી બાંધી, ફળકથનોનો ઉલાળીયો કર્યો હતો. રાજયમાં જિલ્લા મથકોએ સામુહિક રક્ષાબંધન પર્વમાં નકારાત્મક આગાહીઓની હોળી કરી ભદ્રાવિષ્ટિને બાળીને ભસ્મ કરી નવાંગતુક વિચારોને પ્રાધાન્ય આપ્યું હતું. શંકા-કુશંકાને અવગણી લોકોએ પર્વની ઉજવણી કરી હતી. ભારત જન વિજ્ઞાન જાથાની અપીલનો જબરો પ્રતિસાદ જોવા મળ્યો હતો. રાજકોટ ખાતે રૈયા રોડ, જીવનનગર વિસ્તારમાં સામુહિક રક્ષાબંધન પર્વમાં બહેનોએ ભાઈને રાખડી બાંધી હતી, મોં મીઠા કરી, જયોતિષીઓનાં ફળકથનોની હોળી કરી લેભાગુઓ વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ત્યૌહાર-ઉન્સવ પ્રસંગે જયોતિષીઓની સલાહની જરૂર નથી તેવો મત પ્રગટ કર્યો હતો. જામનગર જિલ્લાનાં ધ્રોલ ખાતે ગાર્ડી કોલેજનાં છાત્ર-છાત્રાઓની હાજરીમાં પર્વની ઉજવણી કરી રક્ષાપર્વની માહિતી આપવામાં આવી હતી. રાજયનાં જિલ્લા મથકોએ રાખડી બાંધી, ભદ્રાવિષ્ટિ, ભદ્રાદોષને બાળીને ભસ્મ કરવામાં આવી હતી. ૨૧ મી સદીમાં મુર્હૂત, ચોઘડીયાને તિલાંજલિની વાત મુકવામાં આવી હતી. નવાંગતુક વિચારોથી સમાજ, રાષ્ટ્રની ઉન્નતિ થાય છે. તે સંબંધી વાત કરવામાં આવી હતી.જાથાનાં ચેરમેન - એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સદીઓથી જયોતિષીઓ, લેભાગુઓ ત્યૌહાર, ઉત્સવ પ્રસંગે અસમંજણ ઉભી કરી વાતાવરણ ડહોળવામાં આવે છે. તેની ચિંતા વ્યકત કરી હતી. રક્ષાબંધન પર્વ આનંદ - ઉલ્લાસ, ભાઈ-બહેનનો વિશિષ્ટ ત્યૌહાર છે. તેમાં મુર્હુત, ચોઘડીયા જોવાની જરૂર નથી. માનવીએ ચંદ્ર-મંગળ ઉપર વસાવટની તૈયારી કરી લીધી છે. ત્યારે જુના-રદી વિચારોને તિલાંજલિ આપવી જોઈએ. કુરિવાજ, કૃપ્રથા, ગેરમાન્યતા, વર્ષો જુની પરંપરાથી આખરે દેશને નુકશાની મળી છે. તેથી જાગવાની જરૂર છે. ભાવિ પેઢીને ધ્યાનમાં રાખી અનુસરવું જોઈએ. જયોતિષને વિજ્ઞાનનો કોઈ આધાર નથી. આભાસી, કપોળકલ્પિત શાસ્ત્ર છે. તેનો પાયો જ અસત્ય ઉપર ઉભેલો છે, તેના ફળકથનો બકવાસ સાબિત થાય છે. રાજયમાં જાથાનાં વિચારો લોકોને ગમે છે તેને અમલમાં મુકી લોકો સવારથી રાખડી બાંધી પર્વ ઉજવે છે. તે સારી બાબત છે. નકારાત્મક આગાહી કરનાર જયોતિષીઓ માટે આલબેલ છે. જાથાની અપીલનો જબરો પ્રતિસાદ જોવા મળ્યો હતો.

રાજયમાં જિલ્લા - તાલુકા મથકે વિજ્ઞાન જાથાનાં શુભેચ્છકો અને કાર્યકરોએ પર્વની ઉજવણી કરી તેમાં જિલ્લાનાં રાજકોટ, અમદાવાદ, અમરેલી, સુરેન્દ્રનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, ભાવનગર, બોટાદ, મોરબી, જામનગર, કચ્છ ભુજ, અરવલ્લી મોડાસા, આણંદ, ખેડા નડીયાદ, ગાંધીનગર, છોટા ઉદેપુર, ડાંગ આહવા, તાપી વ્યારા, દાહોદ, નર્મદા રાજપીપળા, નવસારી, પાટણ, પંચમહાલ ગોધરા, બનાસકાંઠા પાલનપુર, ભરૂચ, મહિસાગર લુણાવાડા, મહેસાણા, વડોદરા, વલસાડ, સાબરકાંઠા હિંમતનગર, સુરત જિલ્લાઓમાં કાર્યક્રમને સફળતા મળી હતી.જામનગર જિલ્લામાં ધ્રોલ ગાર્ડી કોલેજમાં જાથાનાં જયંત પંડયાએ છાત્ર-છાત્રાઓને ઉત્સવ, ત્યૌહારનું સામાજિક મહત્વ સમજાવ્યું હતું. ભદ્રાવિષ્ટિની હોળી કરવામાં આવી હતી. જયોતિષીઓ વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પ્રિન્સિપાલ ડો.વિજય સોજીત્રાની રાહબર હેઠળ ડો.એમ. એન.હિરપરા, ડો.એન.બી.વસોયા, ડો.જી. એમ.ગાવીત, પ્રોફે.આર.એન. કથીરીયા, પ્રોફે.બી.આર.પીઠીયા, ડો.દિપ્તીબેન પરમાર, રાજકોટમાં મુકેશભાઈ પોપટ, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, રાજુભાઈ યાદવ, ભોજાભાઈ ટોયટા, દિનેશ હુંબલ, નિર્મળ મેત્રા, રામભાઈ આહિર, ગુલાબસિંહ ચૌહાણ, અશ્વિન કુંગશીયા, વિક્રમભાઈ આહિર, વિજયભાઈ જોબનપુત્રા, હરેશ ભટ્ટ, ગોવિંદભાઈ ગોહેલ, વિનુભાઈ ઉપાધ્યાય, શૈલેષભાઈ પુજારા, હસુભાઈ મોડેસરા, મહિલા મંડળનાં સુનિતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડિયા, યોગીતાબેન જોબનપુત્રા, આશાબેન મજેઠીયા, ભારતીબેન ગંગદેવ, જયોતિબેન પુજારા, અલ્કાબેન પંડયા, હર્ષાબેન પંડયા, ભદ્રાબેન ગોહેલ, પ્રફુલ્લાબેન બોરીચા, ભારતીબેન રાવલ વિગેરેએ રક્ષાબંધન પર્વનીન ઉજવણીમાં ભાગ લીધો હતો. અંતમાં રાજય-દેશભરમાં રક્ષાબંધન પર્વની લોકોએ શ્રદ્ધા, લાગણી, સ્નેહથી ઉજવણી કરી જયોતિષીઓનાં ફળકથનોને અવગણીને લોકોએ ઉત્સાવ મનાવ્યો હતો. લોકોમાં વૈજ્ઞાનિક મિજાજના દર્શન થયા હતા. ભદ્રા દોષ, ભદ્ર કાલ વર્તમાન સમયમાં અપ્રસ્તુત છે. તેની સમજ આપી કાર્યક્રમનું સમાપન કર્યુ હતું. વિશેષ માહીતી માટે મો.૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## જાફરાબાદનાં ટાઉન પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ



જાફરાબાદ, તા. ૩૧

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં જિલ્લાનાં એસ.પી. હિંમકરસિંહની સૂચના અનુસાર ડી.વાય.એસ.પી. હરેશ વોરાનાં માર્ગદર્શ અનુસાર ટાઉન પોલીસ સ્ટેશનનાં પી.આઈ. જે.જે.ચૌધરી સાથે મરીન પોલીસ સ્ટેશનનાં પી.આઈ. કૈલાશ અધ્યક્ષતામાં શાંતિ સમિતિ મિટિંગ યોજવામાં આવી હતી. આવતા દિવસોમાં હિન્દુ સમાજનાં તહેવાર જન્માષ્ટમી હોવાથી મુસ્લિમ સમાજનાં આગેવાનો, હિન્દુ સમાજના આગેવાનો, વેપારી ભાઈઓ તેમજ નાના મોટા વેપારીઓ, સમાજના આગેવાનો સાથે બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદનાં આગેવાનો હાજર રહ્યાં હતા. તહેવાર શાંતિથી ઉજવવામાં આવે, ભાઈચારો, અમન અને શાંતિ રહે તેવી પી.આઈ. દ્વારા સૂચના આપવામાં આવી હતી.

# મોટા ભંડારીયા ખાતે સામાજિક વનીકરણ રેન્જ દ્વારા તાલુકા કક્ષા ઉજવણી કાર્યક્રમ યોજાયો



સમગ્ર ગુજરાતમાં ૭૪માં વન મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી. અમરેલી તાલુકા કક્ષાનો 'વન મહોત્સવ' કાર્યક્રમ અમરેલી સામાજિક વનીકરણ રેન્જ દ્વારા કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાનાં અધ્યક્ષસ્થાને અમરેલી તાલુકાનાં મોટા ભંડારીયા સ્થિત કૃષિ મહાવિદ્યાલય ખાતે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાનાં હસ્તે લાભાર્થીઓને નિર્ધુમ ચુલાનું વિતરણ અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અમરેલી સામાજિક વનીકરણ વિભાગ અમરેલી રેન્જ દ્વારા વૃક્ષારોપણ કરીને તેનું જતન કરી તેનો ઉછેર કરવામાં આવી રહયો છે. લાઠી તાલુકાનાં દેરડી જાનબાઈ અને બાબરા ખાતે નમો વડ વનનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. '૭૪ માં વન મહોત્સવ' અમરેલી તાલુકા કક્ષાની ઉજવણીના કાર્યક્રમને સંબોધતા વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, વર્ષ - ૨૦૦૪ પહેલા માત્ર પાટનગર ગાંધીનગર ખાતે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવતી હતી. પરંતુ દેશનાં વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વન મહોત્સવની ઉજવણી જિલ્લા અને તાલુકાકક્ષા સુધી વિસ્તારી હતી. 'વન મહોત્સવ' થકી તમામ જિલ્લામાં વૃક્ષારોપણ કરવામાં આવી રહયું છે. અને ગુજરાતને હરિયાળુ બનાવવા રાજય સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહયા છે. દરેક વ્યકિતએ એક વૃક્ષનું વાવેતર કરીને તેનું જતન કરી ઉછેર કરવો જોઈએ. વધુમાં વધુ વૃક્ષારોપણ કરવું, વૃક્ષોનો ઉછેર અને જતન કરવું તે દરેક નાગરિકની નૈતિક ફરજ પણ છે. ''૭૪માં વન મહોત્સવ' અમરેલી તાલુકા કક્ષાની ઉજવણીના કાર્યક્રમમાં અમરેલી તાલુકા પંચાયત કાર્યકારી પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં કુલપતિ વી.પી.ચોવટીયા, મોટા ભંડારીયાના સરપંચ જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક જાદવ, અમરેલી મદદનીશ વન સંરક્ષ એમ.યુ.શેખ, કૃષિ મહા વિદ્યાલય, મોટા ભંડારીયાના આચાર્ય દુધાત, પદાધિકારીઓ, વન વિભાગનાં અધિકારીઓ, મોટા ભંડારીયાનાં ખેડૂતો, કૃષિ મહા વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ સહિતનાં ઉપસ્થિત રહયા હતા.

## જાન્યુઆરીમાં હિન્ડનબર્ગનાં રીપોર્ટ બાદ ઓસીસીઆરપી સંસ્થાનો ધડાકો

# દેશનાં અગ્રણી ઉદ્યોગપતિ અદાણી ગ્રૂપ સામે ગંભીર આક્ષેપ

### ચીન અને સાઉદીનાં નાગરિકે સંયુકતપણે અદાણી ગ્રૂપનાં શેરમાં ગેરરીતિ કર્યાનો આક્ષેપ

નવી દિલ્હી, તા. ૩૧

હિંડેનબર્ગ બાદ હવે ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એન્ડ કરપ્શન રિપોર્ટિંગ પ્રોજેક્ટ (ઓસીસીઆરપી) નામની એક ગ્લોબલ સંસ્થાએ ગૌતમ અદાણીના ગ્રૂપ પર ગોટાળા કરવાનો મોટો આરોપ મૂક્યો છે. ઓસીસીઆરપીના રિપોર્ટ અનુસાર પ્રમોટર પરિવારના બિઝનેસ પાર્ટનર્સે મોરેશિયસ સ્થિત 'બેનામી' રોકાણ ફંડોના માધ્યમથી અદાણી ગ્રૂપના શેરોમાં કરોડો ડૉલરનું રોકાણ કર્યું હતું.

### અનામી રોકાણકારોએ ઓફશ્યોર સ્ટ્રક્ચરનાં માધ્યમથી અદાણી ગ્રૂપનાં સ્ટોકનું ખરીદ-વેચાણ કર્યુ

ઓસીસીઆરપીએ તેના રિપોર્ટમાં કહ્યું છે કે તેની તપાસમાં ઓછામાં ઓછા બે કેસ પકડાયા હતા જ્યાં અનામી રોકાણકારોએ ઓફશ્યોર સ્ટ્રક્ચરના માધ્યમથી અદાણી ગ્રૂપના સ્ટોકને ખરીદયા અને વેચ્યા હતા. ઉલ્લેખનીય છે કે ઓસીસીઆરપીને અબજપતિ જ્યોર્જ સોરોસ અને રૉકફેલર બ્રધર્સ ફંડ જેવી સંસ્થાઓ દ્વારા ફન્ડિંગ મળે છે. જ્યોર્જ સોરોસ એ જ અબજપતિ છે જે સમયાંતરે કેન્દ્રની મોદી સરકારની ટીકા કરતા રહે છે.

### મુંબઈ ખાતે કોંગી નેતા રાહુલ ગાંધીએ પત્રકાર પરિષદ યોજીને કૌભાંડની હકીકતો રજૂ કરી

ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રૂપના કેટલાક મહત્ત્વના પબ્લિક ઈન્વેસ્ટરો જેઓ ખાસ કરીને તો અદાણીના ઈનસાઈડર જ છે તેઓ અનેક આરોપોનો સામનો કરી રહ્યા છે. તેમના પર ઈન્ડિયન સિક્યોરિટીઝ લૉનું ઉલ્લંઘન કરવાના આરોપો છે. જોકે અત્યાર સુધી કોઈ તપાસકાર એજન્સીઓ તેમની ઓળખ કરી શકી નથી. જોકે હવે ઓસીસીઆરપીએ એવા કેટલાક દસ્તાવેજોની મદદથી તેના પર ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમાં ઘણાં

### દેશમાં એક તરફ ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે તેવા સમયે કથિત મહાકાય કૌભાંડ પ્રકાશમાં આવતા ચકચાર

ટેક્સ હેવન, બેંક રેકોર્ડ અને અદાણી ગ્રૂપના ઈન્ટરનલ ઈમેલની મદદ પણ લેવાઈ છે.

ઓસીસીઆરપીના અહેવાલ અનુસાર અદાણી ગ્રૂપના બિઝનેસનો નોલેજ ધરાવતા લોકોએ કહ્યું હતું કે એવા અનેક પુરાવા છે કે અદાણી ગ્રૂપના જે શેરોમાં જાહેર જનતા દ્વારા રોકાણ કરવામાં આવતું

અનુસંધાન પાના ૬ ઉપર

### ગામમાં ગેરકાયદેસર દબાણ દૂર કરવા બાબતે માથાકૂટ

## લીલીયાનાં સનાળીયા ગામનાં સરપંચ ઉપર બોલેરો ચડાવીને મારી નાખવાની ધમકી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૩૧

લીલીયા તાલુકાનાં સનાળીયા ગામના સરપંચ તરીકે સેવા આપતા અજયભાઈ ભીખાભાઈ મકવાણા આજથી આશરે એકાદ મહિના પહેલા પોતાના સનાળીયા ગામમાં ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ દબાણો દૂર કરવાની કામગીરી કરેલ હોય. ત્યારે તે જ ગામે રહેતા લખમણભાઈ ઉર્ફે લાખાભાઈ પોપટભાઈ બોળીયાના ઘર પાસે આવેલ સ્નાન ઘર તથા સ્કૂલ પાસે ગામના વરસાદના પાણીના નિકાલની ગટર ખુલ્લી કરાવેલ હોય જે લખમણભાઈ ઉર્ફે લાખાભાઈ બોળીયાને સારૂ નહી લાગતા આરોપી લખમણભાઈ ઉર્ફે લાખાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### ખાંભા તાલુકાનાં મોટા સમઢિયાળા ગામે થયેલ હત્યાનાં આરોપીની અટકાયત



અમરેલી, તા. ૩૧

ખાંભા તાલુકાનાં મોટા સમઢીયાળા ગામે રહેતા ભાવેશભાઈ બાવચંદભાઈ દાફડાને હેતલબેન સાથે પ્રેમ સંબંધ હોય જે પ્રેમ સંબંધ રાખવાની તેણીએ ના પાડતા આરોપી ભાવેશભાઈ બાવચંદભાઈ દાફડાને સારૂ નહિં લાગતા તેણીને જેમફાવે તેમ ગાળો આપી છરીના જીવલેણ ત્રણ ઘા મારી શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી નાસી ગયેલ હોવાની ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાતા હત્યાનાં આરોપી ભાવેશભાઈ બાવચંદભાઈ દાફડાને સત્વરે પકડી પાડવા માટે ખાંભા પોલીસ સ્ટેશનની અલગ અલગ ટીમો બનાવી જુદી જુદી જગ્યાએ તપાસ કરાવી આરોપીને મોટા સમઢીયાળા ગામેથી ગણતરીની કલાકોમા પકડી પાડેલ છે.

## જાફરાબાદની એસબીઆઈનું એટીએમ શોભાનાં ગાંઠીયા સમાન




તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદની એસ.બી.આઈ. થી જાફરાબાદની જનતા હેરાન પરેશાન. એસબીઆઈ બેન્કનું એટીએમ મશીનમાં કરન્સી નથી મળતી ૫૦૦–૫૦૦ ની નોટ સિવાય ૧૦૦ નાં દરની નોટો હોતી નથી. અમુક સમયે એટીએમમાં પૈસા પણ હોતાં નથી નાગરિકો હેરાન થતા હોય છે. આ એટીએમમાં બે મશીન હોવા છતાં પણ સુવિધા ઝીરો. આ એટીએમમાં બે–બે એસી હોય પરંતુ ગરમીમાં બંને એસી બંધ હાલતમાં હોય છે. એસ.બી. આઈ. બેંકથી જાફરાબાદની જનતા અતિશય હેરાન થઈ રહી હોય પરંતુ બેંક મેનેજર કરી રહ્યા છે આંખ આડા કાન. આ બેંકમાં એજન્ટ બેંક ખુલે ત્યાંથી લઈ સાંજે બેંક બંધ હોવા છતાં બેંકની અંદર બેઠેલ હોય છે. આ એજન્ટ ઉપર બેંક મેનેજરનો હાથ હોય તેવું લોકો દ્વારા ચર્ચાઓ આ એસ.બી.આઈ. ગ્રાહકોને સારી એવી સુવિધાઓ આપવાને બદલે ગ્રાહકોને હેરાની ગતિમાં વધારો જોવા મળી રહ્યો છે. આ બાબતે એસ.બી.આઈ.ના ઉચ્ચ અધિકારીઓને રજુઆત ગ્રામ્ય લોકો સવારના ઘરેથી આ બેંકમાં પોતાનો કિંમતી સમય કાઢીને આવતા હોય પરંતુ પોતાનુ બેંકમાં કામકાજ ન થતા વીલા મોંઢે પરત ફરતા હોય છે. આ બેંકમાં થતા હેરાન નાગરિકોના મુખે ચચાઓ થઈ રહી છે. આ ઉપરોકત બાબતે ધ્યાન પર નહીં લેવાય તો જાફરાબાદની જનતા જનાર્દન આ બેંક સામે આંદોલન, સત્યાગ્રહ તેમજ તાળા બંધી કરવામાં આવશે તેવી લોક મુખે ચચાઓ થઈ રહી છે.

### બાબરાનાં સનાતન ધર્મમાં આગેવાનોએ વિરોધ કર્યો

## સાળંગપુર ખાતે આવેલ હનુમાનજીની વિશાલ પ્રતિમા નીચે મુકવામાં આવેલ ભીત ચિત્રોને લઈને નારાજગી

### ભીંત ચિત્રો દુર કરવાની વ્યાપક માંગણી કરવામાં આવી

બોટાદ, તા. ૩૧

બોટાદ જિલ્લાનાં સાંળગપુર ખાતે આવેલ જગ પ્રસિદ્ધ શ્રી કષ્ટભંજન હનુમાનજી દાદાનાં મંદિરે મોટી સંખ્યામાં રાજય ભરનાં લોકો દર્શને આવે છે. સ્વામિનારાયણ સંપ્રદાય વડતાલ હેઠળ આવતા આ મંદિરમાં બે ચાર મહિના પટેલા અહી મંદિરનાં મેદાનમાં ૫૪ ફુટની વિશાલ

અનુસંધાન પાના ૬ ઉપર



### લીલીયા પોલીસે ચેક રિટર્નનાં ફરાર આરોપીઓને ઝડપી લીધા

અમરેલી, તા. ૩૧

બનાવની વિગત એવી છે આજથી થોડા સમય પહેલા લીલીયા શ્રી ક્રિષ્ના શરાફી સહકારી મંડળી લિમિટેડમાં લોન લઈ અને પૈસા ન ભરતા વિનય હિંમતભાઈ રવાણી તેમજ તેમનાં ધર્મપત્ની વિનયભાઈ રવાણી ટારા મંડળી દ્વારા લીગલ નોટિસ તેમજ કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવા છતાં લોન ના ભરી હતી. ત્યારે મંડળીનાં વકીલ કિશોરભાઈ પાઠકની ધારદાર દલીલોને ધ્યાને લઈ અને લીલીયા કોર્ટે આ બંને આરોપીઓને સજા ફરમાવી હતી. ત્યારે આજથી થોડા સમય પહેલા આ બંને આરોપીઓ સુરત ભાગી ગયા હતા ત્યારે લીલીયા પીએસઆઈ ગોહિલનાં માર્ગદર્શન નીચે પોલીસ કર્મચારી સંજયભાઈ ઈટાલીયા, લતીફખાન પઠાણ અને ગૌતમભાઈ ખુમાણની ટીમ દ્વારા સતત વોચ રાખી અને આ બંને આરોપીઓને પકડી તેમને જેલ હવાલે કરવામાં આવેલ છે.લીલીયા પોલીસ દ્વારા ન્યાયનાં હિતમાં સુંદર કામગીરી કરવામાં આવી છે. બદલ તેમના પર સર્વત્ર અભિનંદનની વર્ષા થઈ રહી છે. આ સમાચારથી પંથકમાં લોન લઈ અને હપ્તા ન ભરતા બાકીદારોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

### ધારી શહેરમાં બન્યો બનાવ

## વૃધ્ધ વેપારી પાસેથી શિહોરનાં શખ્સે લોખંડનાં સળીયા ખરીદી નાણા ન ચુકવ્યા

### રૂા. ૭,૦૬,૧૨૫ની વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૩૧

ધારી ગામે રહેતા અને મેઈન બજારમાં દુકાન ધરાવતા જકયુદીનભાઈ તાહેરભાઈ હથીયારી નામનાં ૬૨ વર્ષિય વૃધ્ધ વેપારીની દુકાને ગત તા. /૭/૮ તથા તા. ૨૨/૮નાં રોજ ભાવનગર જિલ્લાનાં શિહોર ગામે રહેતા શૈલેશભાઈ કાળુભાઈ જોષી નામનાં શખ્સે પોતાનું ખોટું નામ આપી વૃધ્ધ વેપારીને વિશ્વાસમાં લઈ તેમની પાસે ટીએમટી સળીયા કિંમત રૂા. ૭,૦૬,૧૨૪.૯૮ની ખરીદી કરી અને તેમનું પેમેન્ટ નહી ચુકવી ઠગાઈ કર્યાની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ભાજપ સરકારનાં નિર્ણયને આવકાર

## કુંકાવાવ : ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવાનાં નિર્ણયને આવકારતા ભાજપનાં આગેવાનો

### મુરઝાતી પાકને પિયત કરવામાં થશે ફાયદો

કુંકાવાવ, તા. ૩૧

કુંકાવાવ તાલુકા ભાજપ દ્વારા રાજય સરકારના ખેડૂતોના હીત માટે ૮ કલાકને બદલે ૧૦ કલાક વીજળી આપવાનાં નિર્ણયને આવકારી રાજય સરકારને ખેડૂતોની ચિંતા કરીને હાલમાં વરસાદની ખેંચનાં કારણે ખેતરમાં પાકને બચાવવા માટે પુરતા પ્રમાણમાં વીજળી મળે તોજ પાકને પાણી આપી શકાય તેવી સ્થિતી છે. જેની ચિતાં કરીને ખેડૂતોને જરૂરી વીજળી પુરી પાડવા મળે રાજય સરકાર એન જિલ્લાના પદાઅધિકારી સાંસદ નારણભાઈ કાછડીયા અને રાજય સરકારનાં નાયબ મુખ્ય દંડક અને ધારા સભ્ય કૌશિકભાઈ વેકરીયા સહિતનાં આગેવાનોએ ખુડૂતોના હીતમાં વીજ વધારાનાં મણ કરી હતી તેને રાજય સરકારે અમલમાં મુકીને સમગ્ર રાજયમા ખેડૂતોને ૮ ને બદલે ૧૦ કલાક વીજળી આપવાનાં આદેશને તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા મહામંત્રી રમેશભાઈ સાકરીયા શૈલૈશભાઈ ઠુંમર તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રતિનિધી જલ્પેશભાઈ મોવલીયા આવકારીને સરકારને અભિનંદન આપ્યાની અખબારી યાદીમાં જણાવાયું છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)